# અશુભ

## ચિત્તને ચિંતનના વસ્ત્રો પહેરાવી વાંચવું



**ભાવનિર્ઝર મંદિરનું મૃત્યુ ???**

# પોપાબાઈનું રાજ નથી !

**ईसम्दिः क्रियते कर्म स्त्दम्दिः परिपच्यते ।**

**अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम् ॥**

સત્તાવાનો સત્તાના મદમાં, ભાન ભૂલી નિશદિન ફરતા,
સૌ ખોટા કોલ કરાર કરી ભોળી જનતાને છેતરતા;
ફાવે તેવા કરી કાનૂનો પ્રભુસત્તાને ના ઓળખતા,
લોકોની ધર્મ ઉપર શ્રદ્ધા એ વિવિધ રીતે ઢીલી કરતા;
ફટકો પડશે જ્યાં ઈશતણો ત્યાં કોઈ ખરું રખવાળ નથી,
છે ઈશ સંચાલિત વિશ્વ સંચાલિત વિશ્વ બધું કાંઈ પોપાબાઈનું રાજ નથી !
ધનવાનો ધનમાં મસ્ત બની સાચા ખોટાને વિસરતા,
પાટો બાંધીને આંખોએ ના નયાય નિતિને નીરખતાં;
એરણ કેરી ચારી કરતાં ને સોય વળી દાને દેતા,
દીધેલી ઈશ્વર સંપતને એ અવળે મારગ વેડફતા;
પણ હંટર લઈ ઈશ્વર પૂછશે, દેવાને કોઈ જવાબનથી,
છે ઈશ સંચાલિત વિશ્વ બધું કાંઈ પોપાબાઈનું રાજ નથી !
શૂરવીરો ને બુદ્ધિમાનો પણ ઈશવિમુખ બની જાતા,
નિજ શક્તિ ને બુદ્ધિ કેરો બસ સ્વાર્થમહીં એ વ્યય કરતા;
શાસ્ત્રોની નિષ્ઠા તોડીને મન ફાવે તે વાતો કરતા,
ઋષિઓ ને સંતો કેરી નિંદા કરવામાં ડહાપણ ગણતા;
પણ સર્જનહાર સમીપ જોતાં, ગલ્લાં તલ્લાંને સ્થાન નથી,
છે ઈશ સંચાલિત વિશ્વ બધું કાંઈ પોપાબાઈનું રાજ નથી !

સૌજન્ય : સદ્દવિચાર દર્શન ટ્રસ્ટ 'મુંબઈ' - સને - ૧૯૭૩, સં.૨૦૨૯ "પ્રેમપ્રવાહ"

'દીદી'ની નીતિ-રીતિને વર્તનથી સ્વાધ્યાયીઓ પર વજ્રઘાત

# પાંડુરંગ શાસ્ત્રીના જ્ઞાન વિસ્તારક ટ્રસ્ટમાંથી બી.જે.દિવાનનું રાજીનામું

(સૌજન્ય ગુજરાત સમાચાર)

અમદાવાદ, મંગળવાર તા. ૧૯-૬-૨૦૦૨

મહાન ચિંતક વિંસ્ટન ચર્ચીલે બીજા વિશ્વ યુધ્ધ પછી કહેલું કે, 'કેટલાક લોકો પોતાને ભગવાન માનવા લાગે છે, પરંતુ વાસ્તવમાં તેઓ માટીપગા હોય છે.' આ ઉક્તિ સામાન્ય જનજીવનમાં એટલું મહત્ત્વ ધરાવતી નથી, પરંતુ તે જ્યારે લાખ્ખો લોકોની ધાર્મિક શ્રધ્ધા,લાગણી અને ભાવનાઓ જેની સાથે જોડાયેલ હોય છે તેની સાથે યથાર્થ થતી નજરે પડે છે ત્યારે મોટી આફત સર્જાય છે. આવી જ સ્થિતિ પાંડુરંગ શાસ્ત્રી આઠવલે પ્રેરિત સ્વધ્યાય પરિવાર સાથે સર્જાતા સ્વધ્યાયીઓ માટે **કારમો ઘા** સાબિત થઈ છે. પોતાને **'દીદી'** કહેવડાવતા પાંડુરંગ દાદાના વારસદારની કાર્યરીતિ અને કૃત્યોથી છેલ્લા કેટલાક વર્ષથી કુંઠિત થયેલી સ્વાધ્યાય પરિવારની પ્રવૃત્તિઓથી વ્યથિત બનેલા ગુજરાત વડી અદાલતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ અને ગુજરાતમાં સ્વધ્યાય પરિવારની ઈમારતના ચણતરમાં જેમનો સિંહરૂપ હિસ્સો છે એવા પરિવાર ટ્રસ્ટના એક મોભી બી.જે.દિવાને ટ્રસ્ટીપદેથી ફારેગ થવાનો આકરો નિર્ણય લીધો છે. કદાચ આ પગલું એક આંધીની શરૂઆત છે.

**જર, જમીન અને જોરું આ છે કજીયાના છોરું.** આવી જ સ્થિતિ સ્વધ્યાય પરિવારમાં ઊભી થઈ છે અને તેના કારણે પાંડુરંગદાદાના અનુયાયીઓમાં એક મોટી હલચલ મચી ગઈ છે. કોણ જાણે કેમ પરંતુ દાદાની અવસ્થા અને અસ્વસ્થતાના કારણે બધો જ કાર્યભાર પોતે હસ્તક લઈ લેનાર દીદી તરીકે ઓળખાતા જયશ્રીબહેન તલવલકરની કાર્યશૈલી, વાણી અને વર્તનથી ચાર દાયકાથી પરિવારના સભ્યો બનીને લોકસેવા કરી રહેલા મુરબ્બીઓ અને મોટાભાઈઓમાં લાંબા સમયથી આ મુદ્દે છુપો ગણગણાટ હવે ધીમે ધીમે ચર્ચાનું સ્વરૂપ લઈ રહ્યો છે, **અને તે હવે આંધી બનીને સમગ્ર પરિવારની પ્રતિભાને ધરાશાયી કરી શકે એમ છે. આ પરિસ્થિતિ સર્જાતી અટકાવવાનું પણ આવા જ મોભીઓના હાથમાં છે પરંતુ તેની એક પૂર્વશરત એ છે કે આવા મોભીઓનો અવાજ ઉપર સુધી શાંતિથી સાંભળવામાં આવે અને તે પ્રમાણે પગલાં લેવાય તે નિતાંત આવશ્યક છે. પાંડુરંગદાદાની લાંબા સમયની માંદગીથી સ્વધ્યાયીઓમાં ચર્ચા તો ચાલતી હતી. પરંતુ તેમાં અગાઉની સરખામણીમાં તેમના બદલાતા સૂરથી પણ અનેક લોકો વ્યથિત બન્યા હતા.** દાદાની નજીક છે એવા અનેક લોકો સમક્ષ દાદાએ એવું કહ્યું છે કે.. હું શું કરી શકું..? હું પણ હાડમાંસનો માનવી છું..!" આવી લાચારી દાદા કેમ વ્યક્ત કરી રહ્યા છે તે પણ ગંભીર તપાસનો વિષય બન્યો છે.

પાંડુરંગ દાદાને હવે કોઈ સીધેસીધું મળી શકતું નથી. ૧૯૯૫ પછી દીદીએ સમગ્ર પ્રવૃત્તિ પર રીતસરનો કબ્જો જમાવી દઈને વૈભવ-વિલાસમાં રાચવાનું શરૂ કરી દીધું છે.**એટલું જ નહિ દાદાને ભગવાન સ્વરૂપે બિરાજમાન કરી દેવાનો પેંતરો રચી પોતાને ભવાની માતા તરીકે પ્રસ્થાપિત કરવાનો એક કારસો રચાતા સ્વાધ્યાય પરિવારના અનુયાયીઓની આસ્થા પર મોટો વજ્રઘાત થયો છે.** એકસો જેટલા ટ્રસ્ટો, ગુજરાત એકલામાં જ સાતસો એકર જમીનો, વિશાળ સ્થાવર અને જંગમ મિલ્કતો,બસ્સો કરોડના રોકાણો, પાંચસો કરોડની મિલ્કતો જ સ્વાધ્યાય પરિવારની ઈમારતને ધરાશાયી કરવા માટેનું કારણ છે. છેલ્લા પાંચ વર્ષમાં જ આ ટ્રસ્ટોના ટ્રસ્ટીપદેથી તમામ જૂના મોટાભાઈઓને ખસેડી દેવામાં આવ્યા છે. પરિવારનું

બંધારણ કોરાણે મૂકીને દીદીએ પોતે અને તેમના પતિ તેમજ પોતાના મળતીયાઓની નિમણૂકો કરી દીધી છે એવું ખુદ સ્વાધ્યાય પરિવારના જ સૂત્રોનું કહેવું છે. જે નવી નિમણૂકો થઈ છે તેવા સભ્યોની નિમણૂંક સાથે જ રાજીનામાના પત્રો લઈ લેવામાં આવ્યા છે. આમ, દીદીની કાર્યરીતિ સામે દાદાએ કહેલા સિધ્ધાંતો અને તત્ત્વજ્ઞાન પ્રમાણે ચાલનારા લોકોએ દાદા સમક્ષ આ મુદ્દે રજૂઆત કરવા ઈચ્છા વ્યક્ત કરી ત્યારે તેમને મળવા જ દેવાયા નહીં. એટલું જ નહિ શામ, દામ, દંડ અને ભેદની નીતિથી તેમને ચૂપ કરી દેવાની પરિવારમાં અત્યાર સુધીમાં ક્યારેય ન બની હોય તેવી રીતરસમો અપનાવવામાં આવી છે.

કેટલાય સ્વાધ્યાયીઓ પર જાસૂસો દ્વારા વોચ ગોઠવવામાં આવી છે અને તેઓ ક્યાં જાય છે, કોને મળે છે એટલું જ નહિ ત્યાં શું ચર્ચા કરે છે, તેની રજેરજ માહિતી છેક દીદી સુધી પહોંચે છે. આ બધી સ્થિતિમાં દાદાને રૂબરુ મળીને પોતાની વ્યથા અને લાગણી રજૂ કરવા ઈચ્છતા લોકો નાસિપાસ થતાં હવે તેઓ ધીમે ધીમે અળગા થઈ રહ્યા છે. સ્વાધ્યાય પ્રવૃત્તિ માટે હવે કોઈ નવું માર્ગદર્શન ન મળતાં લોકો ક્રમશઃ વિમુખ થઈ રહ્યા છે. ૧૯૫૯થી પાંડુરંગ દાદાની સાથે ગાઢ સંબંધો ધરાવનાર અને એક વખતના ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ બી.જે.દિવાન પણ હવે હારીથાકીને પોતાના શસ્ત્રો હેઠા મૂકી રહ્યા છે. તેઓએ સેટેલાઈટ રોડ ઉપર આવેલા ભાવનિર્ઝરની સ્થાપનાથી લઈને અત્યાર સુધીની તમામ પ્રવૃત્તિઓમાં ગળાડૂબ રહ્યા હતા. આજે તેઓ વ્યથિત હૃદયે દીદીની કાર્યપધ્ધતિ અને અપમાનજનક વર્તનથી કંટાળીએ ભાવનિર્ઝર સાથે જોડાયેલા અને પરિવારના મુખ્ય એવા જ્ઞાનવિસ્તારક ટ્રસ્ટના મોભી ટ્રસ્ટી તરીકે રાજીનામું આપી દીધું છે. છેલ્લા કેટલાક સમયથી દીદી વિચિત્ર કહી શકાય એવા લોકોના અભેદ્ય કવચ વચ્ચે ઘુમી રહ્યા છે. તેના લીધે પણ અનેક તર્કવિતર્કો થઈ રહ્યા છે. તેમાં દાદા પાસે માર્ગદર્શન મેળવવા કે દીદીની રીતિનીતિ સામે પ્રશ્ન ઉઠાવનાર સાથે બનતી ઘટનાઓ સ્વાધ્યાયીઓને ખળભળાવી રહી છે. આવી જ બાબતોને સમર્થન આપવા **શ્રી દિવાને તેમના રાજીનામાના પત્રમાં એવું સ્પષ્ટ જણાવ્યું છે કે, સ્વાધ્યાય પરિવારમાં દીદીના કાર્યભાર દરમિયાન મની પાવર અને મસલ્સ પાવર પર ભાર મૂકવામાં આવે છે. તેમણે જણાવ્યું** છે કે જુદા જુદા ટ્રસ્ટોની કુલ સંખ્યા એકસો જેટલી છે જેની જંગમ મિલ્કતો રૂ. ૨૦૦ કરોડ જેટલી છે. સ્થાવર મિલ્કતો રૂ.૫૦૦ કરોડ જેટલી છે. **તે ટ્રસ્ટોની આવક ટ્રસ્ટના હેતુ માટે ન વપરાતા ભંડોળનો જ માત્ર વધારો કરવામાં આવે છે. જ્યારે જ્યારે ટ્રસ્ટોના વહીવટ અંગે તથા નાણાં ખર્ચ અંગે પ્રશ્ન ઉઠાવવામાં આવે છે ત્યારે ઉડાઉ અને અપમાનજનક જવાબો આપવામાં આવે છે. જસ્ટીસ દિવાને જણાવ્યું છે કે, 'સૌથી વધુ આઘાત મને ત્યારે લાગ્યો જ્યારે મને જાણવા મળ્યું કે અત્યાર સુધી પૂજ્ય દાદા કહેતા હતા કે બધા ટ્રસ્ટોની મિલ્કતો ભગવાનની છે, પરંતુ હવે તોએ એમ કહે છે કે બધા ટ્રસ્ટોની મિલ્કતો મારી પોતાની છે...?'. જસ્ટીસ દિવાનનું કહેવું છે કે 'સ્વાધ્યાય પરિવારને હવે એક સંપ્રદાય બનાવવામાં આવી રહ્યો છે. જે સ્વાધ્યાય પરિવારની મૂળ વિચારધારાથી ભિન્ન છે, દાદાને ભગવાનના અવતાર તરીકે પ્રસ્થાપિત કરવાનો ખુલ્લેઆમ પ્રયાસ થઈ રહ્યો છે. અત્યાર સુધી ભગવાનની મિલ્કતો ગણાતી હતી તે હવે પોતિકી મિલ્કતો બની રહી છે અને મહંતની ગાદીની મિલ્કતો હોય તે રીતે ઉપયોગ થઈ રહ્યા છે. અપરિગ્રહના નિયમ તદ્દન બાજુએ મૂકી દેવામાં આવ્યા છે.'**

છેલ્લા કેટલાક સમયથી પરિવારમાં દીદીની નજર સમક્ષ છુપો સડો ઘુસી ગયો છે તેને દૂર કરવાનો પ્રયાસ કરતા મોટાભાઈઓ પર જાસૂસો ગોઠવવામાં આવે છે તેને સમર્થન આપતા શ્રી દિવાને પત્રમાં ઉલ્લેખ કર્યા છે કે 'અમદાવાદ અને મુંબઈમાં સ્વાધ્યાય પરિવારના વાજબી રીતે અસંતુષ્ટ ભાઈઓ અને બહેનો સમક્ષ મારા વિચારો રજૂ કરતા હતા. ત્યારે મારી પર જાસૂસી ગોઠવવામાં આવી હતી. આ બધા કારણોસર હું જ્ઞાન વિસ્તારક સંઘના

ટ્રસ્ટીપદેથી રાજીનામું આપું છું'. વળી ભાવનિર્ઝરના અધિકૃત સિગ્નેચરી તરીકે અન્ય બીજાની નિમણૂક કરવા તેમણે પત્રમાં વિનંતી કરી છે. આ બધી સ્થિતિમાં હવે પાંડુરંગ આઠવલેને પૂજ્ય દાદાના સર્વોચ્ચ શિખર પર બિરાજમાન કરનારમાં સ્વાધ્યાય પરિવારના સાવ સામાન્ય વ્યક્તિથી લઈને અબજોપતિએ જ ડહોળાયેલા વાતાવરણને સુધારવા માટે આગળ આવવું જોઈએ એવી સમયની જરૂરિયાત છે.

ગુજરાતમાં તેમાંય ખાસ કરીને કચ્છ સૌરાષ્ટ્રમાં સવિશેષ ભક્તો પથરાયેલા છે. દેશ-વિદેશમાં મોટી સંખ્યામાં દાદાના વિચારોને અનુસરનાર લોકોનો સમૂહ પણ મોટો છે. આ બધાએ જ આ આખી સમાજ સુધારની ચળવળને એક સંપ્રદાય બનતો અટકાવીને દાદાએ સૂચવેલાં કાર્યોને નવારૂપથી આગળ વધારવા માટે એક થઈને આગળ આવશે તો જ પરિવારમાં હાલ પડેલી તિરાડ પૂરાશે અને પરિવાર વિખેરાતો અટકાશે.

**મની અને મસલ્સ પાવરની બોલાબોલા : અપરિગ્રહ વૃત્તિ ત્યજાઈ : ભગવાનની મિલ્કત - સંપત્તિ પોતિકી બની ગઈ ! રૂ.૨૦૦ કરોડના રોકાણો અને રૂ.૫૦૦ કરોડની મિલ્કતો ધરાવતા ટ્રસ્ટો પર દીદીએ પોતાનું વર્ચસ્વ જમાવી દીધું.**

---

## અમદાવાદ રૂરલના મહેરબાન સીવિલ જજ સીનીયર ડિવીઝન સાહેબની કોર્ટમાં

રં.દી.મુ.નં. ૫૬૭/૨૦૦ તારીખ : ૧૧-૧૦-૨૦૦૨

**વાદીઓ :** ૧. **પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદી,** ઉ.વ.આ. ૫૦, ધંધો - વેપાર; રહે. ૧૧/૨૧૪, નારાયણ નિવાસ, સત્યાગ્રહ છાવણી, જોધપુર ટેકરા, અમદાવાદ - ૧૫.

૨. **સૂર્યકાંતભાઈ નરોત્તમદાસ મહેતા,** ઉ.વ.આ. ૬૮, ધંધો - નિવૃત્તિ, રહે. ૯૮/૪, આઝાદ સો., આંબાવાડી, અમદાવાદ - ૧૫.

૩. **પ્રદીપ ગોવિંદલાલ શાહ,** ઉ.વ.આ. ૫૫, ધંધો - વેપાર, રહે. ૫,ગીતાબાગ સો.પાલડી, અમદાવાદ - ૪.

પોતે તથા ભાવનિર્ઝરમાં આવેલા મંદિરમાં (યોગેશ્વર ભગવાન) ના દર્શનાર્થીઓ વતી બધાના લાભાર્થે ઓર્ડર નં. ૧ ઘ-૮ પ્રમાણે પરવાનગીની અપેક્ષા.

**વિરુધ્ધ**

**પ્રતિવાદીઓ :** ૧. તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ જે મુંબઈ પબ્લિક ટ્રસ્ટ એક્ટ પ્રમાણે રજીસ્ટર્ડ થયેલું છે તેનો નંબર : ઈ-૧૩૧૮ (મુંબઈ) તેના ટ્રસ્ટીઓ :

૧. **શ્રીમતી ધનશ્રી શ્રીનિવાસ તલવરકર,** (દીદી)

૨. **શ્રી શ્રીનીવાસ તલવરકર,** ૩. **શ્રી નિતીભાઈ ઠક્કર,**

૪. **શ્રી દશરથભાઈ મહાદેવીયા,** ચારે પુખ્ત ઉંમરના, ઠેકાણું : નિર્મલ નિકેતન, ૨, ડો. ભાજેકર લેન, મુંબઈ - ૪૦૦ ૦૦૪.

૫. **મંદિરના પુજારીશ્રી કાંતીભાઈ પંડ્યા,** પુખ્ત વયના, ધંધો - પુજારી, રહેવાસી : ભાવનિર્ઝર મંદિર, જોધપુર ટેકરા, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૧૫

**મનાઈ અરજી**

**અમો વાદીના દાવાની હકીકત એવી છે કે .....**

(૧) અમો વાદીઓ આશરે સને-૧૯૮૮ થી ભાવનિર્ઝર મંદિરમાં આવેલું યોગેશ્વરનું મંદિર સવારે અથવા સાંજે દર્શન કરવા નિયમિત જઈએ છીએ, લગભગ રોજે જઈએ છીએ તેમ કહીએ તો પણ ચાલે.

(૨) આ મંદિરની સ્થાપના મુંબઈના દાદા પાંડુરંગ શાસ્ત્રીજીએ સેટેલાઈટ રોડ ઉપરના અમદાવાદમાં ભાવિકો માટે બંધાવી શરુ કરેલું છે. વળી આ મંદિરના બાંધકામમાં ભાવિકોએ જાતે કામ કરીને નાણાંની મદદ કરી બંધાવેલ છે. આ મંદિર ઘણું જ જાણીતું થઈ ગયેલું છે અને અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની પ્રવાસી બસનું પણ હોલ્ડ રોજ સવાર, સાંજ થાય છે. આ મંદિર જે જગ્યા ઉપર આવેલું છે તે જમીનનો સર્વે નં. જૂનો ૧૧૬૨-એ-૧ અને નવો સર્વે નં. ૪૭૦-અ-૧ છે આશરે ૬૯ એકર ૫૯ - ગુંઠા (૨૯ ચો.મીટર) એમ દર્શાવેલ છે અને મંદિર તરીકે મહેસુલમાંથી માફી આપેલી છે. ૭-૧૨ ના ઉતારામાં આ માલીકી હક્ક પ્રતિવાદી નં.૧ નો છે અને આ ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન અમદાવાદમાં કરાવવું જોઈએ તેના બદલે મુંબઈમાં કરાવેલું છે. આ મંદિરની માલીકી પ્રતિવાદી નં.૧ ની છે અને તે ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તરીકે પ્રતિવાદીઓ નં.૧ ની જ છે. અને મંદિરમાં પુજારી તરીકે હાલમાં પ્રતિવાદી નં. ૫ છે. આ મંદિરમાં રોજ પુજા થાય છે અને દર્શન અમો વાદીઓ તથા યોગેશ્વરના તમામ ભક્તો કરીએ છીએ.

(૩) અમો વાદીઓ વતી અમારા એડવોકટ શ્રી આર. કે. શાહે તા.૧૨-૮-૨૦૦૨ ના રોજ ટ્રસ્ટ ડીડ તથા પી.ટી.આર ની નકલ માંગવા માટે મુંબઈમાં ડેપ્યુટી ચે.કમિશ્નરશ્રીને ત્યાં અરજી કરેલી છે છતાંય કોઈ નકલ મળી નથી. તે નકલ મળેથી આ દાવામાં સુધારો કરવાનો હક્ક અબાધિત રાખી આ દાવો કરીએ છીએ તે જાહેર થાય.

(૪) પ્રતિવાદી નં.૫ કાંતીભાઈ તાજેતરમાં તારીખઃ ૨૫-૯-૨૦૦૨ ના રોજ અક્ષરધામમાં ધમાલ થઈ ત્યારથી તાળુ મારી બંધ કરેલ છે અને ફક્ત રવિવારે જ દર્શન કરવા જવું તેવું બોર્ડ મારેલ છે. અમો વાદીએ રોજ દર્શન કરવા ટેવાયેલા છીએ અને સીક્યોરિટી રાખીને પણ દર્શન કરવા જઈ શકાય. આ સંજોગોમાં પ્રતિવાદી નં.૫ તેમજ તમામ ભક્તોને દર્શન કરવા જતા રોકે નહિ તે માટે મનાઈ હુકમ લેવા માટે આ દાવો કરવાની જરૂર પડી છે.

(૫) આ દાવાનું કારણ તા. ૨૫-૯-૨૦૦૨ ના રોજથી અક્ષરધામની ઘટના બન્યા પછીથી ભાવનિર્ઝરમાં આવેલ યોગેશ્વરના દર્શન કરવા જતા પ્રતિવાદી નં.૫ રોકાણ કર્યું ત્યારે ઉત્પન્ન થયું છે.

(૬) આ દાવાને સીવીલ પ્રોસીઝર કોડના સેકશન ૯૨ પ્રમાણે બે થી વધારે વાદીઓએ કર્યો છે માટે દાવો કાયદેસરનો છે.

(૭) આ દાવાને મુંબઈ પબ્લિક ટ્રસ્ટ એક્ટ કલમ -૨ (૧) પ્રમાણે મંદિર છે અને તેના દર્શન કરવા જવા માટે તમામને જવાનો હક્ક અને અધિકાર છે. આ એક્ટની કલમ - ૫ પ્રમાણે તેમાં દર્શાવેલ કોઈપણ દાદ આ દાવામાં માંગી નથી તેથી આ દાવાને કલમ - ૫ નો બાદ નડતો નથી.

(૮) સબબ દાદ માંગવાની કે.....

(એ) અમો વાદીઓએ તથા તમામ ભાવિકોને આ પ્રતિવાદીઓ ભાવનિર્ઝરમાં આવેલ યોગેશ્વરના મંદિરમાં દર્શન કરવા જતા કોઈ જાતની રૂકાવટ કરે - કરાવે નહીં તેવો કાયમી મનાઈ હુકમ આપવા મે. કરશોજી.

(બી) આ અરજીનું ખર્ચ અપાવો તથા બીજા યોગ્ય લાગે તેવા હુકમ કરશોજી.

(૯) આ સાથે એફીડેવીટ તથા પ્રતિવાદીને આપવાની નકલ સામેલ છે.

અમદાવાદ

તા. ૧૧-૧૦-૨૦૦૨

મુંબઈ તા. ૧૩-૧૦-૨૦૦૨, જન્મભૂમિ (અમારા પ્રતિનિધિ તરફથી)

## સ્વાધ્યાય પરિવારમાં વિવાદથી યોગેશ્વર મંદિર દર્શનાર્થીઓ માટે બંધ

અમદાવાદ તા.૧૨: સ્વાધ્યાય પરિવારના પ્રણેતા પાંડુરંગ શાસ્ત્રી (દાદા) દ્વારા અત્રે સ્થપાએલા ભાવનિર્ઝરમાં યોગેશ્વર ભગવાનના વિશિષ્ટ મંદિરમાં ૨૫મી સપ્ટેમ્બરના દિવસથી અચાનક જાહેર જનતા માટે દરરોજ દર્શન બંધ કરી દેવાતા સ્વાધ્યાય પરિવારમાં તથા દર્શનાર્થીઓમાં તે પ્રત્યે ભારે વિવાદ ઊભો થયો છે. મંદિરના દરવાજા બંધ કરી દઈને બહાર બોર્ડ મૂકી દેવામાં આવ્યુ છે કે, 'યોગેશ્વર મંદિર ભાવનિર્ઝર રવિવારે સવારે ૬.૩૦ થી ૧૨.૩૦ સુધી દર્શનાર્થીઓ માટે ખુલ્લુ રહેશે.'

સ્વાધ્યાય પરિવારમાં લાંબા સમય સુધી સેવાઓ આપનાર પરંતુ હવે પરિવાર તથા તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠના સર્વેસર્વા શ્રીમતી ધનશ્રી તલવલકર(દીદી) ના કહેવાતા આપખુદીભર્યા વર્તનનો જાહેરમાં વિરોધ કરનાર પંકજભાઈ ત્રિવેદીએ આ અંગે આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, સ્વાધ્યાય પરિવારના આંતરિક આતંકવાદ અને મુસદ્દીગીરીને કારણે દર્શનાર્થીઓ માટે પ્રવેશ બંધ કરાયો છે. ભાવનિર્ઝરમાં યોગેશ્વર મંદિરમાં દર્શન કરવા જતા કોઈ પણ જાતની રૂકાવટ ન થાય તે માટે શ્રી પંકજભાઈ ત્રિવેદી, સૂર્યકાંત નરોત્તમદાસ મહેતા તથા પ્રદિપ ગોવિંદલાલ શાહે શ્રીમતિ ધનશ્રી તલવલકર(દીદી) સહીત પાંચ જણને પ્રતિવાદી ગણીને અદાલતમાં મનાઈ હુકમ માટે અરજી કરી છે, જે અંગે અદાલત દ્વારા દીદી, મંદિરના પુજારી, શ્રી શ્રીનિવાસ તલવલકર, નિતિનભાઈ ઠક્કર અને દશરથભાઈ મહાદેવીયા માટે સમન્સ પાઠવ્યા છે.

## અમદાવાદ રૂરલના મે. સીવીલ જજ (સી.ડી.) સાહેબની કોર્ટમાં

દો.મુ.નંબર. ૫૬૭-૨૦૦૨

**વાદીઓ : પંકજભાઈ હરીભાઈ ત્રિવેદી અને બીજા બે**

**વિરૂધ્ધ**

**પ્રતિવાદીઓ: તત્વજ્ઞાન વિદ્યાપીઠ એ નામનું ટ્રસ્ટ અને બીજા ચાર**

**બાબતે : પ્રતિવાદી નંબર ૧,૨ અને ૩ નો વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી વિરૂધ્ધનો લેખીત જવાબ.**

અમો પ્રતિવાદી નંબર ૧ થી ૩, વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી વિરૂધ્ધ અમારો જવાબ નીચે મુજબ આપીએ છીએ.

૧. અમો પ્રતીવાદી નંબર ૧ થી ૩ ના તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ એ નામના ટ્રસ્ટના ટ્રસ્ટીઓ છીએ. આ વાદિઓએ પ્રતિવાદી નંબર ૫ ને ખોટી રીતે પક્ષકાર તરીકે જોડેલા છે. પ્રતિવાદી નંબર ૫ કદાપી પુજારી તરીકેની કોઈ ફરજ બજાવતા નહોતા કે નિયમિત રીતે પુજા કરેલ નહોતી કે નથી. પ્રતિવાદી નંબર ૫ ને આ કામના વાદીઓએ બદદાનતથી પુજારી તરીકેનું બિરૂદ આપેલું છે.

૨. વાદીઓને આ કે આવા પ્રકારનો દાવો ટ્રસ્ટ કે અમો ટ્રસ્ટીઓ સામે કરવાનો કોઈ જ હક્ક કે અધિકાર નહોતો કે નથી.

૩. વાદીઓનો આ દાવો તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ એ નામના ટ્રસ્ટ અને અમો પ્રતિવાદીઓ નંબર ૧ થી ૩ ની સામેનો તદન ખોટો અને વજૂદ વગરનો હોઈ તે રદ થવાને પાત્ર છે.

૪. આ કામના વાદીઓએ તેમની દાવા અરજી તથા મનાઈ અરજીમાં તેમને મન જાણીતા કારણોસર સાચી હકીકત છૂપાવી છે અને તદન ખોટી હકીકત દર્શાવી ગેરરજુઆત કરેલી

છે અને તેથી વાદીઓ નામદાર કોર્ટ સમક્ષ ક્લીન હેન્ડ સુધી આવેલા નથી અને વાદીઓ કોઈપણ દાદ ઈક્વીટેબલ મનાઈ હુકમનો કે અન્ય દાદ મેળવવા હક્કદાર નથી.

૫. વાદીઓનો આ દાવો શુધ્ધ બુદ્ધિપૂર્વકનો નથી પરંતુ તે દ્વેષબુદ્ધિપૂર્વકનો હોઈ રદ થવાને પાત્ર છે.

૬. વાદીઓનો આ દાવો ફોલ્સ, ફ્રિવોલ્સ અને વેક્સેશ્રિયસ છે અને વાદીઓએ તેની પુર્ણ જાણમાં કરેલો હોઈ તે ખર્ચ સાથે રદ થવાને પાત્ર છે અને અમો પ્રતીવાદીઓને સી.પી. કોડની કલમ. ૩૫-એ અનુસાર કોમ્પેનસેટરી કોસ્ટ અપાવવાનું ન્યાયના હીતામાં છે.

૭. આ જવાબમાં સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયની વાદીની દાવા અરજી કે મનાઈ અરજીની કોઈપણ હકીકત ખરી નથી અને અમોને કબૂલ નથી.

૮. અમો પ્રતિવાદીઓ પ્રથમ સત્ય હકીકત નીચે મુજબ દર્શાવીએ છીએ.

**(દાવાના અમુક અંશો મુદ્દાના સ્વરૂપે રજૂ કરેલ છે.)**

૮-એફ.અમો પ્રતિવાદીઓનું વધુમાં જણાવવું છે કે ઋષિ - કૃષિ વિદ્યાલયનું જે સંકુલ છે તે સંકુલ ભાવ નિર્ઝરના નામથી ઓળખાય છે અને તે સંકુલમાં આવેલા ઋષિ - કૃષિ વિદ્યાલયના વિદ્યાર્થીઓ તથા ઋષિ - કૃષિ વિદ્યાલય સાથે સંકળાયેલા કુટુંબોના સભ્યો માટે પ્રાર્થના કરવા માટેનો જે હોલ છે તેને પ્રાર્થના મંદિર કહેવામાં આવે છે અને તે આમ જનતા માટેનુ કોઈ મંદિર નથી, આમ જનતા માટેના દર્શનાર્થે ઉભું કરવામાં આવેલું નથી, તેમાં કોઈ ભેટ સોગાદો લેવામાં આવતી નથી, અને પરંપરાગત મંદિરોમાં પુજા કે સેવા પુજા થાય છે તેવી પુજા કે સેવા પુજા થતી નથી, તેમાં કોઈ ઢોલ નગારા કે વાજીંત્રો નથી, તેમાં શ્રીફળ, કંકુ કે અબીલ ગુલાલ કે અક્ષત ચઢાવવામાં આવતા નથી, ભેટ સોગાદો માટેની કોઈ પેટી રાખવામાં આવતી નથી કે ભેટ સોગાદો સ્વીકારવામાં પણ આવતી નથી. તેમાં કોઈ પુજારી કે સેવક હાજર હોતા નથી, તેમાં નિયમીત આમ જનતા માટે આરતી કરવામાં આવતી નથી અને સદર પ્રાર્થના હોલમાં જે મૂર્તિઓ મુકવામાં આવેલી છે તે માત્ર ઋષિ - કૃષિ વિદ્યાલયના વિદ્યાર્થીઓ અને સદર વિદ્યાલય સાથે સંકળાયેલા સભ્યોના કુટુંબો માટે પ્રાર્થના કરી શકે અને ધ્યાન ધરી શકે તેવા હેતુથી જ મૂર્તિઓ રાખવામાં આવેલી છે. આમજનતા માટેના હેતુથી કરવામાં આવેલ મંદિરની મૂર્તિઓની જે માવજત કરવામા આવે છે તેવી કોઈ માવજત પ્રાર્થના હોલમાં મૂકવામાં આવેલી મૂર્તિઓની કરવામાં આવતી નથી કે થતી નથી, કોઈ થાળ કે પ્રસાદ ચઢાવવામાં કે ધરાવવામાં આવતો નથી કે કોઈ પ્રસાદ વહેચવામાં આવતો નથી. વધુમાં અમારુ જણાવવું છે કે સદર મૂર્તિઓ કાચના શો-કેસમાં રાખવામાં આવેલી છે એટલે તે શો-કેસ ખૂલ્લુ રાખવામાં આવતુ નથી, તેમાં કોઈ અંદર પણ જઈ શકે તેમ નથી, માત્ર ઋષિ - કૃષિ વિદ્યાલયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વારાફરથી રોજ સવારે સફાઈ કામકાજ કરવા માટે એટલે કે ચોખ્ખાઈ રહે તેવા હેતુથી એક વખત સવારે સફાઈ કામ કરે છે, બાકી આખો દિવસ સદર શો-કેસ, બંધ રહે છે. સદર મુર્તિઓ મૂકવા માટેનો મુખ્ય હેતુ એટલો જ છે કે સદર પ્રાર્થના હોલમાં ઋષિ - કૃષિ વિદ્યાલયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તથા સદર વિદ્યાલય સાથે સંકળાયેલા કુટુંબના સભ્યો પ્રાર્થના કરતી વખતે ધ્યાન ધરી શકે.

૮-જી. અમો પ્રતિવાદીઓનુ જણાવવું છે કે, સદર મૂર્તિઓને કોઈ ભોગ ધરાવવામાં આવતો નથી કે રોજબરોજ માણસો પુજા કે જે બીજા મંદિરોમાં થતી હોય છે તેવી પુજા દૈનિક

કરવામાં આવતી નથી. સદર મુર્તિઓને કોઈપણ જાતનો અભિષેક, વિધી પણ કરવામાં આવતી નથી કારણ કે તે મંદિર નથી માત્ર પ્રાર્થના હોલ છે.

૮-એચ.સદર પ્રાર્થના હોલમાં કાચના શો-કેસમાં ઋષિ-કૃષિ વિદ્યાલય સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓ તથા સ્ટાફના માણસો તથા ખેડૂતો વિગેરે માટે સદર પ્રાર્થના હોલમાં યોગેશ્વર ભગવાન, શંકર ભગવાન, પાર્વતીજી અને ગણપતીજીની મૂર્તિઓ અને શિવલીંગ મુકવામાં આવેલ છે અને તે પ્રાર્થના કરતી વખતે ધ્યાન ધરી શકે તેવા હેતુથી મૂકવામાં આવેલી છે.

૮-આઈ. અમો પ્રતિવાદીઓનું જણાવવું છે કે, આ કામના વાદીઓ પ્રતિવાદીઓની રજા મંદિરથી દર્શન કરવા આવતા હોય તો પણ તેનાથી તેમની તરફેણમાં કોઈ રાઈટ એટલે કે હક કે અધિકાર ઉત્પન્ન થઈ શકતો નથી. વાદીઓને દર્શન કરવાનો કોઈ અધિકાર કોઈ પણ કાયદાની રૂએ કે ટ્રસ્ટની રૂએ વાદીઓને પ્રાપ્ત થતો નથી.સદર મિલ્કત પ્રતિવાદી ટ્રસ્ટની માલીકીની છે અને પ્રાર્થના હોલ એટલે કે પ્રાર્થના મંદિર ટ્રસ્ટ સંચાલિત ઋષિ - કૃષિ વિદ્યાલય સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓ, સ્ટાફના માણસો અને ખેડૂતો માટે બનાવવામાં આવેલ છે અને અન્ય કોઈના ઉપયોગ માટે કે આમ જનતા માટે બનાવવામાં આવેલ નથી અને પ્રતિવાદી ટ્રસ્ટે આમ જનતાને તર્પણ કરેલ નથી. એટલે વાદીઓનો કે અન્ય કોઈનો કોઈ હક્ક સદર હોલમાં કે પ્રાર્થના મંદિરમાં દર્શન કરવા માટેનો નહોતો કે નથી કે વાદીની તરફેણમાં ઉત્પન્ન થતો નથી, આ કામના વાદીઓએ દ્વેષબુધ્ધિપૂર્વક તેમને મન જાણીતા કારણોસર તેમને પ્રતિવાદી ટ્રસ્ટમાં મહત્ત્વ મળતું ન હોવાને કારણે આ ખોટો દાવો કરી મહત્ત્વ મેળવવા એક વ્યર્થ પ્રયાસ કરેલો છે અને તેથી વાદીઓનો દાવો પ્રથમ દ્રષ્ટિએ જ રદ થવાને પાત્ર છે.

૧૧.વાદીઓની દાવા અરજી તથા મનાઈ અરજીના પેરા. ૧ ની હકીકત સરવાળે ખરી નથી અને અમોને કબુલ નથી. વાદી જણાવે તેમ સને. ૧૯૮૮ થી ભાવનિર્ઝર મંદિરમાં **આવેલ યોગેશ્વરના મંદિરમાં નિયમિત દર્શન કરવા જતા હોવાનું કથન ખોટું છે.** આ કામના વાદીઓએ દ્વેષબુદ્ધિપૂર્વક ભાવનિર્ઝર તથા યોગેશ્વર મંદિર એમ ખોટા શબ્દોના પ્રયોગો કરેલા છે. ભાવનિર્ઝર મંદિર નથી કે તે જગ્યાએ યોગેશ્વરનુ મંદિર નથી, ખરી હકીકત અમોએ ઉપર જણાવ્યા મુજબની છે અને તેથી અમો તેનું પુનરાવર્તન અત્રે કરતા નથી.

૧૨.વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીના પેરા. ૨ ની હકીકત સરવાળે ખરી નથી અને અમોને કબુલ નથી, **વાદી જણાવે તેમ તે મંદિરની સ્થાપના મુંબઈના દાદા પાંડુરંગ શાસ્ત્રીજીએ અમદાવાદના ભાવિકો માટે કરેલ હોવાનું કથન ખરું નથી ખરી હકીકત ઉપર જણાવ્યા મુજબની છે** તેથી અમો તેનું પુનરાવર્તન કરતા નથી. પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજીએ ઋષિ - કૃષિ વિદ્યાલય, પ્રતિવાદી ટ્રસ્ટ સંચાલિતની સ્થાપના કરેલી છે અને **કોઈ મંદિરની સ્થાપના પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજીએ કરેલી નહોતી અને નથી.** વાદીઓ જણાવે છે તેમ મંદિરના બાંધકામમાં ભાવિકોએ જાતે શ્રમ કરી નાણાંની મદદ કરી **બંધાવેલ હોવાની હકીકત તદન ખોટી છે.** વાદી જણાવે છે તેમ સદર મંદિર ઘણું જ જાણીતું થઈ ગયેલ હોવાનું કથન તદન ખોટું છે. ભાવનિર્ઝરના નામથી ઓળખાતું સંકુલ જાણીતું છે, અને અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનનો બસ સાઈટ સીન માટે ત્યાં પ્રવાસીઓને લઈ જતો હોય તો તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે, ભાવ નિર્ઝર સંકુલ કે જયાં ઋષિ - કૃષિ વિદ્યાલય ચાલે છે તે સંસ્થા ઘણી સારી સંસ્થા છે, અને ગામડાંના ખેડૂતોના

- પુત્રોના અને ગામડાના ઉદ્ધાર માટેની એક સંસ્થા છે. આ કામના વાદીઓએ તે સંજોગોને પોતાને મનફાવે તે રીતે અર્થઘટન કરી મંદિર ઠોકી બેસાડવાના બદહેતુથી પેરા. ૨ માં વિધાનો કરેલા છે. વાદીઓ જણાવે છે તેમ, ઋષિ - કૃષિ વિદ્યાલય માટેની જે એકર ૬૭-૫૯ ગુંઠાની જમીન મંદિર તરીકે મહેસુલમાંથી માફી આપેલ હોવાનું કથન તદ્દન ખોટું છે. તે તમામ જમીન મંદિર માટે પ્રતિવાદી ટ્રસ્ટે મેળવેલી નહોતી કે નથી, પરંતુ ઉપર જણાવ્યું તેમ ઋષિ-કૃષિ વિદ્યાલય માટે નામદાર ગુજરાત સરકારે ભાડાપટ્ટેથી જ્ઞાન વિસ્તારક સંઘ નામના ટ્રસ્ટને આપેલી છે, અને તે જમીન સાથે પ્રતિવાદી ટ્રસ્ટને ખોટી રીતે વાદીઓએ સાંકળવા પ્રયત્ન કરેલ છે. પ્રતિવાદી ટ્રસ્ટે મોજે વેજલપુરની સીમના સર્વે નં.૧૧૬૨ પૈકીની એકર.૪-૧૩ ગુંઠા જમીન નામદાર ગુજરાત સરકાર પાસેથી રાહત દરે ઉપર જણાવ્યા મુજબના હેતુઓ માટે જ ખરીદ કરેલી છે અને મંદિર માટે ખરીદ કરેલી નહોતી કે નથી.

૧૩. વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનો બીજીવારનો પેરા. ૨ અર્થહીન હોઈ તેનો કોઈ જવાબ આપવાનો રહેતો નથી અને તે સાથે અમો ટ્રસ્ટીઓને કંઈ લેવા-દેવા નથી.

૧૪. વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીના પેરા. ૩ ની હકીકત સરવાળે ખરી નથી અને અમોને કબુલ નથી. તે બાબત ખરી હકીકત એવી છે કે, ગુજરાતમાં આતંકવાદ સક્રીય થયો છે અને તેના પુરાવા રૂપે તા. ૨૪-૯-૨૦૦૨ના રોજ ગાંધીનગરના અક્ષરધામથી ઓળખાતા સુવિખ્યાત મંદિરમાં આતંકવાદીઓએ પ્રવેશીને ઘણા ભક્તજનોને મારી નાખ્યા અને ઘણા ભક્તજનોને ઘાયલ કર્યા અને કેટલીક સંસ્થાઓના વડાઓની ઉપર તથા પ્રધાનો ઉપર આતંકવાદીઓ તરફથી ધાકધમકીઓ અવારનવાર આપવામાં આવે છે અને ગુજરાતમાં આતંકવાદીઓ ઘૂસી ગયેલા છે અને ગમે ત્યારે મોટી સંસ્થાઓ કે જ્યાં લોકો ઘણા ભેગા થતા હોય ત્યાં તેઓ હુમલો કરે તેવી પૂરેપૂરી દહેશત ઊભી થયેલી છે - અને પરમ્ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજી પણ આતંકવાદીઓના હીટ લીસ્ટમાં આવેલાની જાણ પરમ્ પૂજ્ય શાસ્ત્રીજી તથા સ્વાધ્યાયીઓને તથા ભાવિકોને થયેલી છે એટલે સલામતી ખાતર ભાવનિર્ઝરના નામથી ઓળખાતા સંકુલમાં પ્રતિવાદી ટ્રસ્ટની માલિકીનો જે પ્રાર્થના હોલ આવેલો છે અને પ્રતિવાદી ટ્રસ્ટ તથા જ્ઞાન વિસ્તારક સંઘ એ નામના ટ્રસ્ટ સંચાલિત ઋષિ-કૃષિ વિદ્યાલય સાથે સંકળાયેલા લોકોના ઉપયોગ માટેનો જે પ્રાર્થના હોલ છે, જેને પ્રાર્થના મંદિર તરીકે ઓળખવામાં આવે છે જે હોલમાં લોકોની અવર-જવર સલામતી ખાતર બંધ કરવાનું હિતાવહ હોવાથી બંધ કરવામાં આવેલ છે. સદર પ્રાર્થના હોલ એ આમજનતા માટેનું મંદિર નહોતું કે નથી. વધુમાં મુંબઈ 'વાર્તાહર' - મરાઠી દૈનિક પેપરમાં તા. ૧૪-૧૦-૨૦૦૨ના રોજ પાના નંબર. ૬ ઉપર સમાચાર છપાયેલા છે તે ઉપરથી પણ સ્પષ્ટ થાય છે કે, મુંબઈ પોલીસ કમિશનરશ્રીની ઓફિસમાં આતંકવાદીઓ તરફથી જાસો મળેલો છે અને તેમાં આતંકવાદીઓના લિસ્ટમાં અનિરૂધ્ધ બાપુ, નાના સાહેબ ધર્માધિકારી, પાંડુરંગ શાસ્ત્રીજી આઠવલે, નરેન્દ્ર મહારાજ, વામનરાવ પૈ, ગગનગીરી બાપા, નાગપુત્ર, સંત નિરંકારી અને ઉદયનાથ મહારાજ વિગેરેનો સમાવેશ થાય છે, એટલે તે કારણે પણ ભાવનિર્ઝરના નામથી ઓળખાતા સંકુલમાં આવેલા પ્રાર્થના હોલમાં લોકોની અવર-જવર બંધ કરવાનું અનિવાર્ય બન્યું છે. સદર પ્રાર્થના હોલમાં આમજનતાને પ્રવેશ કરવા દેવો કે નહીં તેનો સંપૂર્ણ અધિકાર પ્રતિવાદી ટ્રસ્ટનો હતો અને છે. પ્રતિવાદી ટ્રસ્ટે આમ જનતાને થોડોક

સમય અવર-જવર કરવાની પરવાનગી આપી હોય તો તેથી આમ જનતા કે તેના કોઈ પણ સભ્યનો કોઈ અધિકાર બનતો નથી, અને તેવી રીતે વાદીઓને તેવી પરવાનગી મળી હોય તો પણ વાદીઓને તેવો અધિકાર થતો નથી અને વાદીઓને તેવો અધિકાર હોવાનું ક્લેઈમ કરવા હકદાર પણ નથી. વાદીઓ જણાવે છે તેમ વાદીઓ રોજ દર્શન કરવા ટેવાયેલા હોવાથી સીક્યોરીટી રાખીને પણ વાદીને પણ દર્શન કરવા જવા દેવા માટેનું વાદીનું તદ્દન ખોટું છે. સદર પ્રાર્થના હોલમાં કોઈ જ સીક્યોરીટી આજ દિન સુધીમાં રાખવામાં આવેલ નહોતી કે નથી, માત્ર પ્રાર્થના સમયે ઋષિ-કૃષિ વિદ્યાલયના વિદ્યાર્થીઓ તથા ભાવિકો પ્રાર્થના માટે આવતા લોકોની અવર-જવર તથા વાહનોની વ્યવસ્થા કરતા આવેલા, એટલે વાદીનું સીક્યોરીટી રાખીને પ્રાર્થના હોલ આમજનતા માટે ખુલ્લો રાખવાનું સૂચન ખરું નથી કે બરાબર નથી અને તેવું સૂચન કરવા વાદીઓ હકદાર પણ નથી. વાદીનો આ દાવો તદ્દન ખોટો છે અને રદ થવાને પાત્ર છે.

૧૬. દાવા અરજીના પેરા. ૯ના કથનો તદ્દન ખોટા છે. પ્રતીવાદી ટ્રસ્ટ રીલીજીયસ ટ્રસ્ટ નહોતું કે નથી તેથી સી.પી.કોડની કલમ. ૯૨ વાદીના આ દાવાને લાગુ પડતી નથી. અમો પ્રતીવાદીઓનું જણાવવું છે કે, બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એકટની કલમ ૫૦ ની જે જોગવાઈઓ સ્ટેટ ઓફ મહારાષ્ટ્રને લાગુ પડે છે તે પૈકી કલમ ૫૦ ના ખંડ : ૪ અનુસાર વાદીના દાવાની વિષયવસ્તુ તથા જે દાદ માંગેલી છે તે કલમ ૫૦ ના ખંડ : ૪માં આવતી હોઈ અને તે મુજબ વાદીએ કરેલો દાવો, દાવો કરતા અગાઉ બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એકટની કલમ.૫૧ મુજબની મહારાષ્ટ્રના મે. ચેરીટી કમિશનર સાહેબની જરૂરી મંજૂરી લેવી જોઈએ જે લીધેલી નથી અને મંજૂરી વગર આ દાવો કરેલો હોઈ તે પ્રથમ દૃષ્ટિએ જ રદ થવાને પાત્ર છે અને તેથી વાદીને કોઈ જ ઈક્વીટેબલ રીલીફ મનાઈની કે અન્ય આપવાનું ન્યાયના હિતમાં નથી.

૧૯. વાદીઓનો કોઈ પ્રાયમાફેસી કેસ નથી, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીઓની તરફેણમાં નથી, વાદીઓને જો માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીઓને કંઈજ નુકસાન થાય તેમ નથી, જ્યારે આ જવાબમાં જણાવેલ હકીકત અને સંજોગો જોતાં વાદીઓનો આ દાવો કાયદેસર ચાલી શકે તેમ ન હોઈ વાદીઓને મનાઈ હુકમની કોઈ જ ઈક્વીટેબલ રીલીફ મળી શકે તેમ નથી, વાદીએ આદેશાત્મક મનાઈ હુકમની વચગાળાની દાદ માંગેલી છે અને તે આપવાનું ન્યાયના હીતમાં નથી. તે જો આપવામાં આવે તો દાવાના ગુણદોષમાં ઉતર્યા સિવાય વાદીની તરફેણમાં હુકમનામું કર્યા બરાબર થાય અને તેથી પણ વાદીને વચગાળાનો કોઈ મનાઈ હુકમ આપી શકાય તેમ નથી.

૨૦. વાદીઓએ કરેલો આ સ્વરૂપનો દાવો કાયદેસર ચાલી શકે તેમ નથી, વાદીઓએ માત્ર તેમની અંગત હેસીયતથી આ દાવો કરેલો છે, તેથી ચાલી શકે તેમ નથી અને રદ થવાને પાત્ર છે. ઉપરની સમગ્ર હકીકતો વાદીઓનો દાવો તથા મનાઈ અરજી ખર્ચ સાથે રદ કરી અમોને અમારૂં ખર્ચ અપાવશોજી.

અમદાવાદ, તા. ૨૨-૧૧-૨૦૦૨ ધનશ્રી શ્રીનીવાસ તલવલકર,
શ્રીનિવાસ તલવલકર, અને નિતીનભાઈ ઠક્કર
(પ્રતીવાદી નંબર. ૧,૨,૩ ના કુલમુખત્યાર)

તાઃ સદર, અમદાવાદ. શ્રી ભરતભાઈ વિજયભાઈ ભટ્ટ

## અમદાવાદ રૂરલના મહેરબાન સીવીલ જજ સી.ડી.સાહેબની કોર્ટમાં

રે દી મુ નંબર- ૫૬૭-૨૦૦૨

વાદીઓ : પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદી વગેરે. વિરૂધ્ધ

પ્રતિવાદીઓ : તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ વગેરે.

એફીડેવીટ

હું શીવાભાઈ બબાભાઈ પટેલ, જાતે હિંદુ, ઉં.આ. વ. ૭૨, ધંધો - કન્સ્ટ્રકશનનો : એન્જીનીયર કોન્ટ્રાક્ટર :, રે.૬,ન્યુ અલકાપુરી સોસાયટી, ગુલબાઈ ટેકરા, અમદાવાદના તે મારા ધર્મ પ્રમાણે પ્રતીજ્ઞાપુર્વક આ એફીડેવીટ કરું છુ કે-

૧ : હું સને- ૧૯૫૫ માં એન્જીનીયર થયા પછી બાંધકામ, મકાનો ઉભા કરવા વિગેરે કામકાજ કરું છું.

૨ : ભાવનિર્ઝરમાં આવેલું મકાન : મંદિર : નું બાંધકામ પાયાથી માંડીને ધજા સુધી મારા સુપરવીઝન હેઠળ બંધાયેલા છે અને તેની ડિઝાઈન વિગેરે મેં કરેલ છે અને બાંધકામનો સમય એક વર્ષનો હતો અને તે સમયે કોઈપણ દિવસ પાડ્યા વગર મેં બાંધકામના દેખરેખનું કામકાજ કરેલું છે.

આ જગાએ મંદિર બાંધતા પહેલા ખાડા હતાં તે ખાડા પ્લાનીંગથી પુરાવેલા અને ભોંયરાના બદલે ટેકરા ઉપર મંદિરનું બાંધકામ કરવાની સલાહ મેં આપેલી. આ મંદિરના પાયામાં મારી મહેનત રહેલી છે અને તેથી પુજ્ય દાદાએ એટલે કે પુજ્ય પાંડુરંગ શાસ્ત્રીજી એ આ મંદિરમાં યોગેશ્વર ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠા થઈ ત્યારે જાહેર સભામાં પુજ્ય દાદાએ મારી પાસે હું જન્મે બ્રાહ્મણ નથી છતાં કર્મે બ્રાહ્મણ છું તેમ જણાવી મારી પાસે પુજ્ય યોગેશ્વરભગવાનને હાર પહેરાવાની વીધી પૂજ્ય દાદાએ કરાવેલી અને જાહેર કરેલું કે શીવાભાઈ એટલે હું મારા સાત જન્મથી બ્રાહ્મણ હોવો જોઈએ. તો જ આટલી નિષ્ઠાથી ભાવનિર્ઝરનના મંદિરનું બાંધકામ કરવામાં આટલો ઊંડો રસ લઈ આટલું સુંદર મંદિર બાંધે એટલે આ દાવામાં જે વાદીઓ જણાવે છે તે પ્રમાણે ભાવનિર્ઝર યોગેશ્વર ભગવાનનું મંદિર છે અને તે મંદીર રહેવું જ જોઈએ તે હેતુથી આ એફીડેવીટ કરવા તૈયાર થયો છું, આ મંદિરમાં અવારનવાર હું મારી અનુકુળતાએ દર્શન કરવા જાઉં છું, અને જાહેર જનતા પણ દર્શન કરવા આવે છે, અને પ્રતીવાદીઓ જે જણાવે છે કે અહીંયા મંદિર છે જ નહીં તે વાત તદ્દન ખોટી છે.

ઉપરની હકીકત મારા જાણવા તથા માનવા મુજબ ખરી અને બરાબર છે.

અમદાવાદ. તારીખ : ૧૬-૧૨-૨૦૦૨ — શિવાભાઈ બબાભાઈ પટેલ

---

## અમદાવાદના રૂરલના મહેરબાન સીવીલ જજ સી.ડી.સાહેબની કોર્ટમાં

દી.મુ.નંબર : ૫૬૭-૨૦૦૨.

વાદી : પંકજભાઈ હરીપ્રસાદ વિવેદી વિરૂધ્ધ

પ્રતિવાદી: તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ (ભાવનિર્ઝર)

હું નામે પૂર્ણાનંદભાઈ કે.પુરોહિત, ઉંમર વર્ષ : ૬૧, વ્યવસાયે નિવૃત્વ, રહેવાસી : અમદાવાદ - આંબાવાડી વિસ્તાર.

હું તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ - જ્ઞાનવિસ્તારક સંઘ સંચાલિત ભાવનિર્ઝર સંસ્થામાં શિક્ષણ લેતા વિદ્યાર્થીઓને વર્ષ ૧૯૯૯ થી ૨૦૦૨ દરમ્યાન કુલ ત્રણ વર્ષ યોગેશ્વર ભગવાન તથા

પૂ.દાદાજી પ્રત્યેની ભક્તિભરી નિષ્ઠાથી નિરપેક્ષ ભાવે હું સંસ્કૃત વિષય દેવલ વર્ગમાં ભણાવતો હતો.

ઉપરોક્ત ભાવનિર્ઝર સંસ્થા જે પ્રતિવાદી નં.૧ તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠની સંસ્થા છે. જેમાં યોગેશ્વર ભગવાનનું મંદિર આવેલું છે. પ.પૂ.દાદજીની ઉપસ્થિતિમાં તેઓશ્રીના વરદહસ્તે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ થયેલ ત્યારે પણ હું હાજર હતો અને સમગ્ર ગુજરાતના જિલ્લાઓના મોટા જનસમૂહ વચ્ચે આ મંદિર ખુલ્લુ મૂકવામાં આવ્યું હતું અને પૂ.દાદાજીએ સાત દિવસ સુધી પ્રવચન આપેલાં હતાં. ત્યારથી વર્ષોવર્ષ મહાવીર જયંતિના દિવસે પાટોત્સવ પણ હજારો ભાઈ-બહેનોના સાનિધ્યમાં શ્રધ્ધાભક્તિભાવથી ઉજવાય છે અને પૂ.દાદા પણ હાજર હોય જ છે. પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવથી દર વર્ષે શ્રાવણ, માગસર અને આવતા અધિક માસ દરમ્યાન અમદાવાદ શહેરના વિવધ વિસ્તારના જનસમૂહ વચ્ચે સવારમાં ભગવાનની મહાપૂજાવિધિ શ્રી કાન્તિભાઈ પંડ્યા કરાવે છે અને હાલ પણ દરરોજ સવાર-સાંજ અસંખ્ય ભાઈ-બહેનો યોગેશ્વર ભગવાનના દર્શનાર્થે આદરપૂર્વક આવે છે.

આ મંદિરમાં દર રવિવારે પ.પૂ. દાદાનું વીડીઓ પ્રવચન થાય છે અને દરરોજ અમદાવાદના વિવિધ વિસ્તારોમાંથી પૂજારી તરીકે પણ ભાઈઓ મંદિરમાં ૨૪ કલાકનો સમય આપે છે અને દર્શન કરવા આવતાં ભાઈ-બહેનોને પણ માર્ગદર્શન આપે છે. મંદિરની બાજુમાં પુસ્તક ભંડાર છે જેમાં સદ્‌વિચાર દર્શન ટ્રસ્ટ પ્રકાશિત પુસ્તકો, ફોટો, કેસેટો વગેરેનું વેચાણ થાય છે. સાથે સાથે વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલ વિવિધ વસ્તુઓ - અગરબત્તી, મીણબત્તી, પાવડર, વેસેલાઈન વગેરેનું પણ વેચાણ થાય છે. તદ્‌ઉપરાંત શાકભાજીનું પણ વેચાણ થાય છે. અમદાવાદનાં વિવિધ તીર્થક્ષેત્રોના દર્શન માટે ફરતી બસો પણ ભાવર્નિઝર મંદિરમાં દર્શનાર્થીઓને લાવે છે. આ રીતે ઉપરોક્ત મંદિરમાં દર્શાનાર્થીઓ સતત આવતા રહે છે તેથી તે જાહેર જનતા માટેનું શ્રદ્ધા કેન્દ્ર છે.

ઉપરોક્ત હકીકત મારા જાણવા તથા માનવા મુજબ ખરી છે.

તારીખ : ૧૯-૧૧-૦૨

– પૂર્ણાનંદભાઈ કે. પુરોહિત

---

## શ્રી યોગેશ્વરો વિજયતેતરામ્ ।

સે/૨૦, ૐ ટાવર્સ, સેટેલાઈટ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫.

તા. ૨૦-૧૦-૨૦૦૨

પરમ પૂજ્ય દાદા, પૂજ્ય ભાઈ, આ. દીદી,

એક ખાસ મુદ્દા પરત્વે આપનું મારું મનોગત જણાવવાની રજા લઉં છું.,

ભાવનિર્ઝર મંદિર અંગેના પ્રશ્ન પરત્વે તાજેતરમાં, આપણે પ્રતિવાદી તરીકે ભાવનિર્ઝરના શ્રી કાંતિભાઈ પંડ્યાનો તા. ૧૬-૧૦-૨૦૦૨નો જે લેખિત જવાબ આપ્યો છે એની નકલ સહજપણે વાંચવા મળતાં એક તટસ્થ સ્વાધ્યાયી તરીકે મને પારાવાર દુઃખ થયું છે.

નર્યા જૂઠાણાને સાચના વાઘા પહેરાવવાનો ધંધો માંડીને બેઠેલા કોઈ ભાવનાશૂન્ય કાયદાબાજે બિછાવેલી શબ્દજાળમાં ફસાયેલા સત્ય રૂપી પક્ષીનો ટળવળતો કરુણ આર્તનાદ મને આ જવાબમાં સાંભળવા મળ્યો છે અને મારું અંતઃકરણ વલવલી ઊઠ્યું છે. આવા મહદંશે અસત્યનું પ્રતિપાદન કરતા જવાબ ઉપર શ્રી કાંતિભાઈ જેવાએ કયા સંજોગોમાં મતું માર્યું એ સમજાતું નથી.

'ભાવનિર્ઝર મંદિર નથી કે જે જગ્યાએ યોગેશ્વરનું પણ મંદિર નથી' - એવા કૃતઘ્ની શબ્દો, કેવળ અપેક્ષિત કાનૂની મુદ્દો હાંસલ કરવાના ક્ષુલ્લક હેતુ ખાતર પ્રયોજી ભગવાન યોગેશ્વરનો પરમૂળથી કાંકરો કાઢી નાખવાની હીન ચેષ્ટાથી ભગવાન યોગેશ્વર કેટલા દુભાયા હશે એની તો કલ્પના કરતાં પણ થથરી જવાય! ભગવાન યોગેશ્વરે આપણને સુયશ અપાવ્યો તે શું આ માટે ?

સ્વાધ્યાય પરિવારમાં અને જાહેર સમાજજીવનમાં આ પ્રશ્ને વિપરીત વમળો વધુ જોર પકડે એ પહેલાં, ભાવનિર્ઝર મંદિર પૂરતી યથાવત્ પૂર્વસ્થિતિ, કાયદાબાજોને હૂંસાતુંસીની તક આપ્યા વગર, વહેલી તકે પુનઃસ્થાપિત કરવામાં આવે એવી આપને એક અદના સ્વાધ્યાયી તરીકે મારી નમ્ર અરજ છે.

આ વાત આપને રુચે કે ન રુચે, પરંતુ લખ્યા વગર રહી શકાતું નથી તેથી ઊંડા દુઃખ સાથે લખું છું અને નિદાન આપનું ધ્યાન દોર્યાનું કર્તવ્ય બજાવ્યાનો સંતોષ અનુભવું છું.

– શંભુભાઈ ગો. જોશીના પ્રણામ

---

**॥ જ્યાં યોગેશ્વર - શ્રી કૃષ્ણ છે અને જ્યાં ધનુર્ધારી અર્જૂન છે ત્યાં લક્ષ્મી, વિજય, ઐશ્વર્ય અને અવિચળ નીતિ છે, એવો મારો મત છે ॥**

તા. ૨૯-૧૦-૨૦૦૨

વડીલશ્રી કાંતિભાઈ,

ભાવનિર્ઝર મંદિર,

અમદાવાદ કોર્ટમાં ભાવનિર્ઝર મંદિર ખોલવા માટે થયેલ અપીલમાં આપ યોગ્શ્વર ભગવાને કહેલી ગીતા ઉપર હાથ રાખી એમ બોલવાના છો કે ભાવનિર્ઝરમાં મંદિર નથી, મંદિરમાં ભગવાન નથી, તેની મેં કોઈ દિવસ પૂજા નથી કરી, જે દેખાય છે તે ખોટું છે અને અગાઉ જે અનુભવ્યું તે આભાસ હતો. આ વાંચી ખૂબ જ દુઃખ થયું.

હું સમજુ છું કે લાચારી ગમે તેવા મોટા માણસને પણ ખરીદી શકે છે પરંતુ આપની પાસે અમે આવી અપેક્ષા નહોતી રાખી. તમારા માટે આ રહેઠાણ હશે પરંતુ સ્વાધ્યાયીઓ માટે તે તીર્થસ્થાન છે. પૂ. દાદાએ અંબાજીમાં બનાસકાંઠા જિલ્લાની પ્રથમ તીર્થયાત્રાની પૂર્ણાહૂતીમાં કહેલું કે,

"અન્યક્ષેત્રે કૃતં પાપં તીર્થક્ષેત્રે વિનસ્યતિ ।
તીર્થક્ષેત્રે કૃતં પાપં વજ્રલેપો ભવિષ્યતિ"

આજના મોટાભાઈઓ અને કાર્યકરો માટે આ શ્લોક હશે જ્યારે અમારા માટે મંત્ર છે.

અહીં વાઘરીભાઈઓ દેવીપૂજક બન્યા છે, દલિતો, અહીં ભાવલક્ષી બન્યા છે. લાખો લોકોએ પાટોત્સવ કરી પોતાના જીવનો બદલ્યા છે, આપની પૂજા થકી લાખો લોકોએ તીર્થયાત્રાની પૂર્ણાહૂતિ કરી ભગવાનની સાક્ષીએ હવેથી ખોટુ નહીં કરવાના વ્રત લીધા છે, પૂજ્ય દાદાના સાનિધ્યમાં પ્રાણપ્રતિષ્ઠા કરી છે, મૂર્તિપૂજામાં લોકોના વિશ્વાસને જગાડ્યો છે ત્યારે આપના આ નિવેદનથી અમારો ભગવાન ઉપરથી વિશ્વાસ ઉઠી જશે અને તમે તેના નિમિત્ત બન્યા છો. આતંકવાદીઓ વિધર્મીને સજા કરે છે અહીં તો અમોને અમારા જ નડે છે.

લિ. ગોપાલભાઈ પ્રજાપતિના જયયોગેશ્વર



# Sins of the DAUGHTER

The battle for control of the Rs 700 crore Swadhyaya Parivar scars Pandurang Athavale's spiritual quest

## 'દીકરીના વાંકે'

સૌજન્ય : ઈન્ડિયા ટુડે (અનુવાદક : દિપક ત્રિવેદી)
તારીખ: ૧૨ ઓગસ્ટ ૨૦૦૨ પેજ નં. ૫૭-૫૮ (રીલીજીયન) - તેનો અનુવાદ

પાંડુરંગ આઠવલેની આધ્યાત્મિક વિચારયાત્રામાં રૂા. ૭૦૦ કરોડના અંકુશ માટેનું યુદ્ધ તિરાડો પાડે છે. ઉદય મહુકર દ્વારા.

તેમણે તેમની આધ્યાત્મિક યાત્રા ૧૯૫૦માં શરૂ કરી. તેઓ સ્વાધ્યાય પરિવારના સ્થાપક છે. જે ધાર્મિક પંથના ભારત અને વિદેશોમાં ૧ કરોડ અનુયાયીઓ છે. તેમને ટેમ્પલટન અને મેક્સેસ એવોર્ડ મેળવેલા છે. તેમના અનુયાયીઓ માટે તે દૈવી તત્ત્વનું શારીરિક રૂપ છે. આજે પાંડુરંગ આઠવલે ૮૨ વર્ષના છે. તેઓ બિમારીને કારણે બોલી પણ માંડ શકે છે. છતાં એવું લાગે છે કે તેમના જીવનના ધ્યેયને એક શાંતિપૂર્ણ અને ગૌરવપૂર્ણ અંત પ્રાપ્ત નહીં થાય. કારણ કે તેમના વારસા બાબત સ્વાધ્યાય પરિવારમાં ભાગલા પડ્યા છે. તેમના ભત્રીજી અને દત્તક પુત્રી નામે જયશ્રી તલવલકર ઉ. વર્ષ - ૪૫; ઉપર દાદાનું સામ્રાજ્ય કબજે કરવાનો આરોપ મુકાયેલ છે. દાદાએ તેમને પોતાના વારસ તરીકે પસંદ કરેલ છે. 'દીદી' તરીકે ઓળખાતા જયશ્રી તલવલકર અને 'દાદા' એટલે કે આઠવલે આ સમગ્ર વિવાદના કેન્દ્રસ્થાને છે.

મુંબઈ સ્થિત મહારાષ્ટ્રીયન હોવા છતાં આઠવલેના 'ગીતા સંદેશ' અને નૈતિક વિકાસના સંદેશને ગુજરાતમાં અપ્રતિમ સફળતા પ્રાપ્ત થઈ. પશ્ચિમનું આ રાજ્ય તેમના આધ્યાત્મિક સામ્રાજ્યનું પાટનગર છે અને તે જ હવે તેમનું કુરૂક્ષેત્ર છે. ગયા અઠવાડીયે અમદાવાદના એક હોલમાં 'સરમુખત્યારશાહી અને આત્મશ્લાઘાવાદી' વલણ ધરાવતા તલવલકરની વિરોધ કરનારાઓની મીટીંગ યોજાઈ જેમાં દીદીને વફાદાર સ્વાધ્યાયીઓએ ઘૂસી આવ્યા અને મારા-મારી કરેલ. પરિવારના બહુમતી ૩,૫૦,૦૦૦ જેટલા સક્રીય કાર્યકરો ગુજરાતમાં છે. તેઓ આઠવલેની બુદ્ધિયુક્ત અને તાર્કીક ધર્મની ફીલોસોફીથી આકર્ષયેલા છે. આ થિયરી મુજબ ધર્મ એ અંધવિશ્વાસની નહીં પણ તાર્કીક અને વિચારગમ્ય બાબત છે. આઠવલેના આ કાર્યથી નશાખોરી અને દારુના દૂષણ સાથે લડવામાં લાખો લોકોને મદદ મળી છે. ગુજરાત અને મહારાષ્ટ્ર સમાજના પછાત ગણાતા માછીમારો અને ગુજરાતમાં શાકભાજી વેચતા વાઘરીઓ સુધી વૈદિક ધર્મનો સંદેશ પહોંચાડવાની બાબતમાં આઠવલે અગ્રેસર છે. જેમ ગાંધીજીએ અસ્પૃશ્યોને 'હરીજન' નામ આપ્યું તેમ દાદાએ માછીમારોને 'સાગરપુત્રો' અને વાઘરીઓને 'દેવીપુત્ર' નામ આપીને પોતાના કાર્યમાં ઊંચું સ્થાન આપ્યું તદ્ઉપરાંત આ લોકોનું બીજા ધર્મમાં શક્ય ધર્મ પરિવર્તન પણ અટકાવ્યું.

**સને ૨૦૦૦માં જ્યારે દાદાએ જાહેરાત કરી કે તેમના પછી દીદી પરિવારના સર્વોચ્ચ પદ બીરાજશે ત્યાંથી પ્રશ્નો ઉદ્ભવવાની શરૂઆત થઈ. જ્યાં એક નાના સમુહે કાર્ય પર અંકુશ મેળવ્યો ત્યાં જ બીજા એક વિરોધી સમુહે સવાલ પુછવાનું શરૂ કર્યુ. પ્રશ્ન એ પુછાયો કે પરિવારનું સંચાલન ન્યાયપૂર્ણતા અને લાયકાતના આધારે સોંપવાનું છે કે પછી આ વારસાગત રાજગાદી છે ? વાત તો ત્યારે વણસી કે જ્યારે દાદાએ એપ્રિલ ૨૦૦૧માં અમદાવાદની એક જાહેરસભામાં જાહેર કહ્યું કે 'દીદીનો વિરોધ કરનારાઓ બ્રહ્મહત્યાનું પાપ કરી રહ્યા છે' રાજકીય નિયમો મુજબ તો આ ખોટું હતું જ પણ આ રીતે દાદાના દીદીને મળેલા સાથ અને સમર્થને તેમના જુનામાં જુના અનુયાયીઓને હચમચાવી મુક્યા. શ્રી હિતેન્દ્ર ગાંધી, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના મંતવ્ય મુજબ : 'જો આપણે કાર્યની સૈદ્ધાંતિક દિશામાં પડેલી તિરાડને કાબુમાં નહીં કરી શકીએ તો કાર્ય વિનાશના માર્ગે જશે. અમે દાદા અને દીદીને આ બાબતમાં એક મુક્ત ચર્ચા યોજવા વિનંતી કરીએ છીએ. 'દીદીની કાર્યપદ્ધતિઓના વિરોધમાં ખૂબ જ અગ્રણીય સોશીયલ સાયન્ટીસ જેવા કે એન.આર.શેઠ (આઈ.આઈ.એમ.ના ભુતપૂર્વ ડાયરેકટર) રાજીવ વોરા, ગાંધીવાદી કાર્યકર અને હેમરાજ આશર અને વલ્લભભાઈ શાહ જેવા વકીલોનો સમાવેશ થાય છે.**

જે મહેશ શાહે એક સમયે શ્યામ બેનેગલે દાદાના કાર્ય પર આધારિત ફિલ્મ 'આંતરનાદ' બનાવવામાં મદદ કરી હતી તેઓ આજે કહે છેઃ દીદી એ દાદાના કાર્યનો તદ્દન વિરોધી છેડો છે. 'દીદીને કાર્ય કરતાં પરિવારની સંપત્તિ અને સત્તા સાથે વધુ લાગે-વળગે છે. **પ્રોફેસર નારાયણભાઈ શેઠ કહે છે 'દાદાનું તેમની દત્તક પુત્રી બાબતનું વળગણ અને તેમણે જ આપેલા આદર્શોનો વિરોધ સમજાતો નથી. 'એક રીતે તેમણે પોતાના અનુયાયીઓને 'મૂરખ' બનાવ્યા છે.** જો કે એવું નથી કે દીદીને કોઈનો સાથ-

સહકાર નથી. તેમની મુંબઈ ઓફિસે તેમના અમદાવાદના અનુયાયીઓને દીદી વતી બોલાવવાની સત્તા આપેલ છે. અત્યારે તો બળવાખોરો દીદીના સપોર્ટ બેઝમાં માત્ર એક નાનું બાકોરૂ પાડી શક્યા છે. રાજેશ પરીખ પરિવારના એક સક્રિય સભ્યના કહેવા મુજબ : 'દીદીના વિરોધીઓ ઘણા ઓછા છે. પણ તેઓ શેઠ જેવી માનનીય વ્યક્તિઓને ગેરમાર્ગે દોરી રહ્યા છે. તેઓ સત્તા અને સંપત્તિ પાછળ છે. વિરોધીઓ સોક્રેટીસના નહી પણ બ્રુટ્સના માર્ગે છે. 'દીદીના સમર્થકોના મતે દાદાના સ્થાને દીદી જ યોગ્ય છે. કેમ કે તે એટલા કાર્યક્ષમ પણ છે અને હિન્દુ ધર્મની ફીલોસોફી પરના તેમના પ્રવચનો દ્વારા તેમણે પોતાની લાયકાત સિદ્ધ કરી છે. આખી વાતમાં દાદાએ ભાવ-સમર્પણના નામે સ્વાધ્યાયીઓને પોતાની આવકના ૧૦ ટકા ભારતભરના ૧૬૦૦૦ સ્વાધ્યાય કેન્દ્રોમાં ગમે ત્યાં દાન આપી ભગવાનનો ભાગ આપવાનો અનુરોધ કર્યો છે. તેની પરિવારની શક્તિ અને સંપત્તિ તે આ રમતના મુખ્ય પાસા છે.

**તો પછી આ પૈસા જાય છે ક્યાં ?** આઠવલેના સિદ્ધાંત મુજબ શાળાઓ કે હોસ્પિટલો ચલાવવી એ ધાર્મિક પરિવારનું કાર્ય નથી પણ સરકારનું કાર્ય છે. સન-૨૦૦૧ના ધરતીકંપ વખતે કચ્છના પીડિતો માટે ૪૪૦૦ આવાસો બાંધવામાં થોડાં નાણાં વાપર્યા સિવાય બાકીના તમામ નાણાં ૪૫ ટ્રસ્ટોમાં પડ્યા છે. જે ટ્રસ્ટોનો ધનથી તલવલકર અને તેમના પરિવારના સૂત્રો મુજબ આ ટ્રસ્ટો પાસે રૂ. ૨૦૦ કરોડ રોકડા અને રૂા. ૫૦૦ કરોડની મીલકતો છે. ૨૦૦૦-૦૧માં થાણામાં આવેલ તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ પાસે ૪૫.૫૪ કરોડનું ભંડોળ હતું અને બીજા રૂા. ૫ કરોડ દાન મળ્યું હતું. તેની વ્યાજની અને ડીવીડંડની આવક રૂા. ૩.૭૩ કરોડની હતી જ્યારે ખર્ચ ફક્ત રૂ. ૧.૭૧ કરોડનો જ હતો.

સંસ્કૃતિ વિસ્તારક સંઘ નામના બીજા એક ટ્રસ્ટ પાસે લગભગ રૂા. ૩૫ કરોડ છે. બળવાખોરોના કહેવા મુજબ જીવન સંપદા ટ્રસ્ટ આઠવલેના પ્રવચનોની કેસેટોનું વેચાણ કરે છે અને વંદમ્ ટ્રસ્ટ તેમના ફોટોગ્રાફનું માર્કેટીંગ કરે છે. જમીનોને લાગે-વળગે છે ત્યાં સુધી પરિવાર પાસે અમદાવાદના હાર્દસમા વિસ્તારમાં રૂા. ૪૦ કરોડની કિંમતની ૧૫ એકર જમીન છે. મુંબઈની તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ ૧૯ એકર જમીન ધરાવે છે. આ લીસ્ટ હજુ આગળ વધી શકે તેમ છે. **શ્રી બી. જે. દિવાન જેવા ગુજરાત હાઈકોર્ટના ભુતપુર્વ ચીફ જસ્ટીસ લગભગ ૫૦ વર્ષ પહેલાં પરિવારમાં જોડાયા હતા. હમણાં જ તેમણે આઠવલે તેમજ તલવલકરને તેમના ટ્રસ્ટોમાંથી રાજીનામું આપતો પત્ર લખ્યો 'તે ચાર્જશીટ જેવો છે.' તેમણે સખેદ લખ્યું છે કે 'જે દાદા આ મિલકતોને ભગવાનની માલિકીની છે તેવું કહેતા હતા તે હવે કહે છે કે આ સંપત્તિ મારી માલીકીની છે.' આ પત્રમાં વિગત અપાઈ છે કે ટ્રસ્ટોની કુલ મિલકત રૂા. ૭૦૦ કરોડની છે.**

પરિસ્થિતિ જોતાં એવું લાગે છે કે આ આંતરિક લડત હજી ખૂબ લાંબી ચાલશે ?

આઠવલે તેમના અનુયાયીઓને આવકના ૧૦% પરિવારને દાન કરવાનો અનુરોધ કરે છે. આ પૈસા ક્યાં જાય છે ? લગભગ ૪૫ ટ્રસ્ટો પાસે રૂા. ૨૦૦ કરોડ છે. મોટા ભાગના નાણાં પર ધનશ્રી તલવલકર અને તેમના પતિ શ્રીનિવાસનો અંકુશ છે.

અમે ઉંઝા-ઠરાવ મુજબની જોડણી સ્વીકારી છે : આપ પણ તે અજમાવી જુઓ

સૌજન્ય : વૈચારીક ક્રાંતી દ્વારા માનવીય ગૌરવની સ્થાપનાને વરેલું સામાયીક

# વૈશ્વીક માનવવાદ

વર્ષ : ૧૩, અંક : ૩-૪ જુલાઈ-ઑગસ્ટ ૨૦૦૨ તંત્રી : બીપીન શ્રોફ

સ્વાધ્યાય પરીવાર :

## અંધશ્રદ્ધા અને વ્યક્તિપુજાના ખપ્પરમાં એક વધુ કૌભાંડ

*- રચના નાગરીક*

અંધશ્રદ્ધા અને વ્યક્તિપુજાના પાયા પર નિર્ભર સંસ્થા કેટલાક લોકસેવાનાં કામ કરે, લોકો તેના તરફ આકર્ષાય, તેના પ્રેરકને ભગવાન કે પરમ પુજ્ય ગણી તેના પ્રત્યે ભક્તીભાવ દર્શાવે, તેના ચરણે મબલખ ધનનો ધોધ વહાવે, ત્યારબાદ આ પ્રવૃત્તિનું જે પરિણામ આવે, ધર્મ અને મોક્ષની 'આધ્યાત્મીક' વાત માત્ર અનુયાયીઓ માટે રહે અને અર્થ અને/અથવા કામ જેવી 'ભૌતિક' બાબતોની ઉપાસના ગુરુ કે તેના વારસોનું ક્ષેત્ર બની રહે; તેવું બનતું રહ્યું છે. આવો જ કંઈક અંજામ સ્વાધ્યાય પરિવારનો આવી રહ્યાના એંધાણ દેખાવા લાગ્યા છે.

આઠેક વર્ષ અગાઉ સ્વાધ્યાય પ્રવૃત્તિના પ્રયોગો નીહાળવાની તક મળી હતી ત્યારે પણ વર્ણવ્યવસ્થાની હીમાયત, નવા શબ્દો યોજી ટીકાપાત્ર પરંપરાને નવા વાઘા પહેરાવવાની પેરવી જેવી ત્રુટીઓ વીશે ચીંતાનો સુર વ્યક્ત કર્યો હતો. હવે જાણવા મળે છે કે આ પ્રવૃત્તિના સુત્રધાર પાંડુરંગ આઠવલે (દાદા) લગભગ પથારીવશ છે અને તેમના વારસ તરીકે તેમની દત્તક પુત્રી જયશ્રીની આ સંસ્થાના સર્વેસર્વા તરીકે નીયુક્તિ થઈ છે.

**(સ્વાધ્યાય પરીવારનો અંજામ)** રાખવાની જરૂર જ ના જણાઈ! ધાર્મિક સંસ્થાઓમાં વારસદારીપ્રથા ગુણવત્તા મુજબ નહીં, લોકશાહી કે માનવ મુલ્યો મુજબ નહીં પરંતુ સામંતશાહી મુજબ હોય છે. માનવતાની વાતો કરે, માવનશક્તિનાં ગુણગાન ગાય પરંતુ વારસગારની નીયુક્તિ વખતે આપખુદી વલણ જોવા મળે. આપખુદતંત્રોમાં માનવ કેન્દ્રસ્થાને હોઈ શકે જ નહીં. એક વાત એવી પણ રજુ થઈ છે કે ભૂકંપ વગેરેના રાહતકાર્ય માટે વિદેશોમાંથી પ્રાપ્ત થયેલી કરોડોની રકમ (તેમાં પણ ગુજરાતીઓનો સીંહફાળો હતો) પણ વિદેશમાં જ કોઈ અન્ય ખાતામાં જમા કરાવવામાં આવી છે અને તે રાહતકાર્યમાં વપરાઈ નથી. આ વાત સાચી હોય તો તેમાં, ફાળો આપનારા તથા પ્રજાને છેતરવા ઉપરાંત, વિદેશી નાણાં અંગેના નિયમનોનો પણ ભંગ થયો છે. આ અંગે તપાસ કરી કાનુની કારવાઈ કરવી જોઈએ. આ સંસ્થાનાં લગભગ સો જેટલાં ટ્રસ્ટ છે, તેની આવકો અને માલીકી પણ આ 'દાદાની દીકરી'ની બની ગઈ છે. એમ પણ કહેવાય છે કે આ પ્રવૃત્તિને મળતા દાન આપનારામાં એંસી ટકા ઉપરાંત ગુજરાતીઓ હતા અને હવે રકમ ગુજરાતની પ્રજાના કલ્યાણ માટે વાપરવાને બદલે દીદીની મનસ્વીતાને હવાલે પગ કરી જશે. આ બાબત પણ જાહેર હીતની બાબત ગણી, સંસ્થાના સંનિષ્ઠ કાર્યકરોએ 'પબ્લિક ઈન્ટરેસ્ટ'માં અદાલત સમક્ષ લઈ જવી જોઈએ અને તેના ઉપયોગ માટે વ્યવસ્થીત બંધારણીય અને જવાબદાર માળખું રચાય તેવો આગ્રહ રાખવો જોઈએ.

એક એવો પણ સવાલ કરાઈ રહ્યો છે કે ગુજરાત જ કેમ આવા પ.પુ.બાબા-દાદાઓની જાળમાં ફસાય છે અને તેમનાં ચરણે કરોડોની અસ્ક્યામતો ધરી દે છે અને છેતરાય છે ? માણસ છેતરાય છતાં ગૌરવ અનુભવે તેવું ધર્મસંસ્થાઓમાં જ બને!!!

**સૌથી ચીંતાજનક બાબત તો એ છે કે યોગેશ્વર ખેતીના નામે અને ગામની વ્યક્તિગત કે સરકારી જમીનો એકત્ર કરીને તેનાં ટ્રસ્ટ બનાવવામાં આવ્યાં છે. આ બધાં ટ્રસ્ટ હવે 'દીદી'ની માલીકીનાં બને છે અને આ બધી (હજારો હેક્ટર)જમીનો પર પણ તેમને સર્વાંગ અધીકાર મળે છે. આ 'ભલા-ભોળા' જૂના અનુયાયીઓએ વિવિધ પ્રવૃત્તિ માટે આપેલી મબલખ સંપત્તિ સંસ્થા કે પ્રવૃત્તિની નહીં પણ પોતાની વ્યક્તિગત માલીકીની છે એવું તેમણે ધરાર જાહેર કરી દીધું છે.**

સ્વાધ્યાય પરીવારના એક અગ્રણી જસ્ટીસ દીવાને આથી નારાજ થઈને રાજીનામું આપી દીધું છે તો અનેક સંનીષ્ટ કાર્યકરો વ્યથીત છે અને આ હોનારતમાંથી પ્રવૃત્તિનાં સારાં પાસાંને કેવી રીતે ઉગારી લેવાય તેની ચિંતામાં છે. સ્વાધ્યાય પરીવારના કાર્યકરો દ્વારા અપાયેલી માહીતી મુજબ 'ભગવાનનો ભાગ' તથા બીજી રીતે પ્રાપ્ત થયેલી કરોડોની સંપત્તી (અંદાજે આઠસો કરોડ ઉપરાંત) તથા કરોડોની આવકો હવે દાદા ભગવાન (પાંડુરંગ) અને તેમના પુત્રી પોતાની અંગત માલીકીની હોવાનું જણાવે છે; તેનો ઉપયોગ કરવાનો પોતાને અબાધીત હક હોવાનું જણાવે છે. મજાની વાત એ છે કે, આ પ્રવૃત્તિ સાથે સંલગ્ન અનેક વકીલો, સોલીસીટરો, વેપારીઓ, બુદ્ધીજીવીઓ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, ડોક્ટરોને કદી સંસ્થાનું બંધારણ રચવાની, તેના હીસાબો ઑડીટ કરાવવાની, નાણાંકીય વહીવટ પર નજર, ભક્તિભાવ પ્રેરીત અને ઝનુની વફાદારી ધરાવતા અનુયાયીઓ અને સંરક્ષકોના નામે ભરતી કરાયેલા, 'મસલ પાવર'ના જોરે જે કોઈ સવાલ ઉઠાવે તેમને ડરાવી-ધમકાવી કે પરેશાન કરી મુંગા બનાવી દેવાની ચાલ અજમાવવામાં આવી રહી હોવાની ફરીયાદ પણ ઉઠી છે. દાદાની 'ભક્તી'ને કારણે ભક્તો અંધ બન્યા છે. તેઓ દોષમાં પણ ગુણ જુએ છે. સ્વાધ્યાય પ્રવૃત્તિની સાચી ટીકા પણ ન કરી શકાય એવો માહોલ ઉભો કર્યો છે.

એક વાત એ પણ બહાર આવી છે કે આ પ્રવૃત્તિને કટ્ટરવાદી હિંદુ સંગઠનોની હુંફ છે અને દીદી મારફતે તેઓ આ પરીવારની બધી (ભૌતીક અને ભાવનાત્મક)અસ્ક્યામતો અંકે કરવા તથા તેના રાજકીય લાભો ઉઠાવવા ચાહે છે.

સ્વાધ્યાય પ્રવૃત્તિ સાથે જોડાયેલા ભ્રમનીરસન પામેલા કેટલાક સંનીષ્ઠ કાર્યકરો (પરીવારની પરીભાષામાં 'મોટાભાઈઓ') આ પ્રવૃત્તિને બચાવી લેવાની ફીકરમાં છે, ગુજરાતે આપેલા 'ભગવાનના ભાગમાંથી' થોડું ઘણું પણ 'દરીદ્રનારાયણ'ને પહોંચે તેની ફીરાકમાં છે. પરંતુ ધન, જોબન અને સત્તા(ઠાકરી)ના ગુમાન (અવિવેક)માં રાચનારાઓ પાસેથી કેટલી અપેક્ષા રાખી શકાય ? કાયદો આમાં કેટલો સહાયભુત થઈ શકે ? વીદેશી નાણાં અને છેતરપીંડીની વાતનો કેવો ઉપયોગ થઈ શકે ? તે એક વાત છે. પરંતુ શ્રદ્ધાપ્રેરીત ઝનુની અનુયાયીઓને તો સત્ય સમજાવવું કઠણ હોય છે. ઝનુન હોય ત્યાં સત્ય પાંગરી શકે જ નહીં.

આશા છે આમાંથી ગુજરાત પાઠ ભણશે અને સંપ્રદાયો અને બાબા-બાપુ-દાદાઓની જાળમાં ફસાશે નહીં તથા ભક્તિ, શ્રદ્ધા અને વ્યક્તિપુજાની આંધળી દોટમાંથી મુક્ત બની, સ્વાયત્ત સ્વૈચ્છિક સંસ્થાઓ અને બંધારણીય તથા લોકશાહી વ્યવસ્થા અને નિયંત્રણો ધરાવતાં સંગઠનો મારફતે પોતાની સેવા સખાવતની અભિનંદનીય સરવાણી વહેતી રાખશે.

# રિસ્પોન્સ

**દીદીના પ્રેમપત્રો : સામાન્ય નાગરિક માટે ચારિત્ર્ય અંગત બાબત ગણાય પરંતુ સમાજના ગુરુ થયા નીકળેલા માટે નહીં.**

તંત્રી શ્રી, સમકાલીન

ભાવનિર્ઝરના ટ્રસ્ટીપદેથી ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ બી.જે.દીવાને આપેલા રાજીનામાનાં કારણો વાંચીને હૈયું હચમચી ગયું. તા.૨૦-૬ ના સમકાલીનમાં વિગતે સમાચાર જાણ્યા. દેવી પરિવારની અધિષ્ઠાત્રીના પ્રેમપત્રો વાંચ્યા પછી તો સિલસિલો ચાલુ થઈ ગયો જાજમ તળે છુપાવેલા કચરાને બહાર કાઢવાનો. સમકાલીને દાખવેલી હિંમત દાદને પાત્ર છે. વ્યક્તિપૂજાના આંજણ આંજેલી આંખોને આ ઘટસ્ફોટમાં પીળા પત્રકારત્વની ગંધ આવે ત્યારે તેમની રુગ્ણ મનોદશા પર દયા આવે છે. અભણ આદિવાસી પણ સમજી શકે તેવું સત્ય ભણેલાઓને સમજાતું નથી તે નવાઈની વાત કહેવાય. આથી દુનિયા જે વાત જાણી ચૂકી છે તે સ્વીકારવાની સ્વાધ્યાયીઓ ના પાડી ત્યારે તેમની બુધ્ધિ પર દયા જ ખાવી રહી. તેમણે આઠલવે પરિવારને જીવન સમર્પિત કરી દીધું છે. એમણે એ વિચારવાનું છોડી દીધું છે. ઉપરથી જે આવે તે જ માનવું કારણ કે દાદા જ ભગવાન યોગેશ્વર છે તે જે કંઈ કરશે તે સારું જ હશે, આટલી બધી ઢગલાબંધ માહિતી છપાયા પછી પણ ભ્રમ નહીં ભાગે તો જેવા તેમના નસીબ, બીજું શું ?

દીવાન સાહેબે રાજીનામું ન આપ્યું હોય તો હજી હકીકત બહાર આવી ન હોત. તા. ૧૪-૭ ના રિસ્પોન્સમાં નયનાબહેન ઠક્કર લખે છે કે એકાંદી ટ્રસ્ટી અને ગણ્યાંગાંઠ્યા સભ્યોને આધાર સમગ્ર સ્વાધ્યાય પરિવારને બદનામ કરવામાં આવે એ વાજબી નથી. આ એકાદ ટ્રસ્ટી બી.જી દીવાન કઈ હસતી છે તે આ નયનાબહેનને ખબર નથી. વીસ-બાવીસ હાંકી કઢાયેલા અને અસંતુષ્ટ કહેવાતા સ્વાધ્યાયીઓ કંઈ રેજી-પેંજી માણસો નથી. તેઓ જો ન હોત તો પૂજ્ય કહેવાતા દાદાનો કોઈએ ભાવ પૂછ્યો ન હોત. પાંડુરંગ શાસ્ત્રીને પૂજ્ય અને દાદા બનાવનારા લોકો જ આ છે. જેમણે સ્વાધ્યાય વિચાર અને કાર્ય માટે જીવન ઘસી નાખ્યા. બદલામાં કેંઈ પયણ લેવાની ઈચ્છા સરખી ન કરી અને બધી સફળતાનો યશ પાંડુરંગ શાસ્ત્રીને ખોળે ધર્યો. પાંડુરંગની મોટાઈ જે છે તે આ લોકોને કારણે છે. ગામડે-ગામડા ફૂંદી વળ્યા, દેશી-વિદેશ ઘૂમી વળ્યા. નોકરી-ધંધો કરીને પોતાના ગાંઠને પૈસે આ કામ કર્યું. પાંડુરંગને લોકહૃદયમાં સ્થાન અપાવવા માટે આકશ-પાતાળ એક કરીને જે કામ કર્યું તેનો બદલો પાંડુરંગે કૃતઘ્નતાથી વાળ્યો. કરેલો પ્રેમ અને કરેલો ઉપકાર જે ભૂલી જાય તે કૃતઘ્ની કહેવાય. આ કૃતઘ્નપણાના પાપ નિવારણ માટે શાસ્ત્રોમાં કોઈ પ્રાયશ્ચિત નથી. જગતને કૃતજ્ઞતાનો પાઠ શીખવવા નીકળનાર પાંડુરંગ પોતે કૃતઘ્ની છે.

પ્રભુનિષ્ઠ સમાજ નિર્માણ કરવાનું કેટલાક સાત્વિક લોકોનું એક ષડયંત્ર હતું. થોડુંક ખોટું બોલીને પણ ઈશ્વરનો મહિમા વધતો હોય તો તે અસત્ય આચરણનું પાપ વહોરવામાં કંઈ ખોટું નથી. એમ માનનાર સજ્જનોએ ઈશ્વરનો મહિમા પ્રચારવા માટે પાંડુરંગની આસપાસ વ્યક્તિનિષ્ઠા ઊભી કરી. પાંડુરંગ વિદ્વાન હતા. શાસ્ત્રોના અભ્યાસી હતા. પ્રવચનકારી કારકિર્દી વારસામાં મળી હતી. તેમને મહાપુરુષ તરીકે પ્રોજેક્ટ કરવામાં આવ્યા. તેમનો

પૂર્વજો અને ખાનદાનને પ્રતિષ્ઠિત કરી તેમના પ્રત્યે આદર ઊભો કરવામાં આવ્યો. આમ કરવામાં ઘણી બધી કલ્પનાના રંગો પુરવામાં આવ્યા. જે મૂળથી જ ખોટું હતું આજ સુધીનો ઈતિહાસ કહે છે કે વ્યક્તિનિષ્ઠા વગર સમાજમાં કોઈ સાત્વિક કાર્યો થતા નથી.

જેમણે વરસો સુધી દાદા જોડે કામ કર્યું અને પરિવાર ઊભો કર્યો તેઓ કાર્ય અને દાદાને વધારે સારી રીતે જાણે કે આ આજકાલના આવેલા નવાગંતુકો ? આ કાર્ય માટે આઠવલે પરિવારે ગાંઠનો એકેય પૈસો ખરચ્યો નથી. નથી મિલકત વેચી કે નથી દાગીના વેચ્યા. સાથીદારોના પરસેવાની કમાણી પર એમણે વૈભવ ભોગવ્યો છે.

અસંતુષ્ટ કહેવાતા આ લોકોનો વિરોધ તદ્દન વાજબી છે. દાદા ભલે ભગવાન બની. જતાં પણ કાર્યના સંચાલન માટે સામૂહિક નેતાગીરી સચવાવી જોઈએ જયશ્રી ભલે લીડર બને, પણ તેમણે મિટીને જવાબદાર રહેવું જોઈએ. મનસ્વીપણું કદી ચાલી ન શકે. આમા ક્યો સ્વાર્થ આવ્યો ? આવી રજૂઆત કરવામાં ક્યુ પાપ કરી બેઠા ? જેમણે સ્વાધ્યાય પરિવાર માટે સમગ્ર જીવન સમર્પી દીધું અને અર્થસૂચિ રાખી પૈસા કમાયા તેમાંથી પરિવારને અગણિત ધન અર્પણ કર્યું. તેને વળી ધનલાલસા કંઈ ? જેણે રાજીખુશીથી દાદાને આગળ કર્યા, તેમને વળી સત્તા લાલસા કઈ ?

પચાસ-સાઠના દાયકામાં સ્વાધ્યાય પ્રવૃત્તિના હજી અંકુર ફૂટી રહ્યા હતા ત્યારે આજના સૂત્રધારનો તો જન્મ પણ થયો નહોતો. સ્વાધ્યાય વિચારસરણી કેટલી આવકાર પામશે અને કેટલી કાર્યસાધક નીવડશે તેનો કોઈને અંદાજ સુધ્ધાં નહોતો. અંધારામાં, ઊંડા પાણીમાં ખાબકા મારવાના હતા. ભાવિ અનિશ્ચિત હતું કપરા ચઢાણ ચઢવાના હતા ત્યારે કારકિર્દી અને પ્રભુના વિચારો - બંનેને યશસ્વી બનાવવાનો ભગીરથ પુરુષાર્થ કરવાનો હતો. શરૂઆતના આ સંનિષ્ઠિ માણસોનું તપ જો ન હોત તો દાદા હજી માધવબાગમાં જ પ્રવચન આપતા બેઠા હોત. પાંડુરંગને ગામડે - ગામડે, ઘરે-ઘરે અને હૃદયે-હૃદયે પહોંચાડવાનું જો કામ કોઈએ કર્યું હોય તો આ વફાદાર સાથીઓએ કર્યું છે. પાંડુરંગ તો મફતમાં જશ લીધો છે, પરંતુ જેમ જેમ કાર્ય યશસ્વી થતું ગયું, વિસ્તરતું ગયું તેમ તેમ પાંડુરંગની કીર્તિની મહેચ્છા વધતી ગઈ.

તા. ૧૪-૭ના રિસ્પોન્સમાં ગુલાબભાઈ ભેડાએ લખ્યું તેના પર ટિપ્પણી કરવાનું હું જરૂર પસંદ કરીશ. ચારિત્ર્ય અંગે તેમએ લખ્યું કે એ વ્યક્તિની અંગત બાબાત ગણાવી જોઈએ. બેશક સામાન્ય નાગરિકો માટે આ દલીલ સાચી છે. પણ સમાજના ગુરુ થવા નીકળેલા વ્યક્તિ વશેષો માટે એ તર્ક લાગુ પાડી શકાય તેમ નથી. અમેરિકનો સ્વચ્છંદી હશે, જાનવર જેવી સેક્સ લાઈફ જીવતા હશે તોય તેમના શાસક પાસે તેઓ શુધ્ધ ચારિત્ર્યની અપેક્ષા રાખે છે. બિલ ક્લિન્ટને પણ આકરી પરીક્ષા આપવી પડી અને ગુનાનો એકરાર કરી માફી માગવી પડી. પાંચ દસ વરસ સત્તાસ્થાને બિરાજનાર શાસકને જે બંધનો લાગુ પડે તે બંધનો આજીવન નૈતિકતાના પાઠ શીખવનાર સાંસ્કૃતિક સંગઠનના વડાને કેમ લાગુ નહીં પડાય ? રામરાજ્ય ઊભુ કરનાર પાંડુરંગ આઠવલે પોતાની પરિણીત દીકરીના બીજા પરિણીત પુરુષ સાથેના સ્ખલનોનો બચાવ શા માટે કરે છે ? રામની જેમ ત્યાગ કરવાનું પણ કોઈ કહેતું નથી. માત્ર સત્તા ત્યાગ જ કરવાનો સંપૂર્ણ સત્તા ત્યાગ પણ નહીં, કમિટીને સાથે રાખવાની પરંપરા જ માત્ર નિભાવવાની છે. તેમ કરવામાં તેઓ અખાડા શા માટે કરે છે? પાંડુરંગને સ્વાધ્યાય કાર્ય વહાલું છે કે માથાભારે, મોંએ ચડાવેલી છીછરા વ્યક્તિત્વવાળી દીકરી વહાલી

છે ? જો શાસ્ત્રીને સ્વાધ્યાય કાર્ય વહાલું હોય તો પાયાના કાર્યકરોની યોગ્ય કદર થવી જોઈએ. તેમની જોડે ગૌરવભર્યો વ્યવહાર થવો જોઈએ. હવે જ્યારે બધા જ કરતુતો પરથી પડદો ઊઠી ગયો છે ત્યારે આઠવલે પરિવાર ચૂપ કેમ છે ? દાદાનું એ ભેદી મૌન કહી જાય છે ઘણું બધું ! સ્વાધ્યાય પ્રવૃત્તિના કેન્દ્રમાંથી યોગેશ્વર ભગવાનને દેશવટો આપીને યુક્તિપૂર્વક દાદાને બેસાડી દેવાની જે કુચેષ્ટા થઈ. સામૂહિક જશ લેવાને બદલે આઠવલે પરિવારને જ એક માત્ર જશના અધિકારી ગણાવવાની મેલી મુરાદ. પ્રભુનિષ્ઠાને આઠવલે પરિવાર પ્રત્યેની વફાદારીમાં વાળી દેવાની ધનિષ્ઠ હિલચાલ અને ભગવાનનો ભાગ હડપ કરી જવાનું પાપનું પરિણામ સ્વાધ્યાય પરિવારના વિનાશનું કારણ બનશે, જો સ્વાધ્યાયીઓ જાગ્રત નહીં બને તો.

તા. ૧૪-૭ના રોજ લખેલ વિચારો બદલ પ્રદીપ જોશીને હું અભિનંદન આપું છું. પ્રવૃત્તિનાં હિતમાં તેમણે કરેલાં સૂચનો ખૂબ ઉપયોગી છે. પણ એ સૂચનો કચરાપેટીમાં જ જવાનાં છે કારણ કે પ્રવૃત્તિ બચાવવા કરતાંય હવે.સત્તા બચાવવાની ચિંતા આઠવલે પરિવારને વધુ સતાવે છે.

– જયેશ કિનારીવાળા, વાડી ફળિયા, સુરત

---

## મંગલ મંદિર ખોલો દયામય...

આત્મીય સ્વાધ્યાયી ભાઈઓ તેમજ બહેનો. જય યોગેશ્વર. છેલ્લા બે વર્ષમાં સ્વાધ્યાય પરિવાર જે વેરવિખેર થયો તેનાથી તમે વાકેફ છો જ પંકજ ત્રિવેદીએ કાગળ લખ્યો, દીદીએ મુલાકાત ન આપી, દીવાન સાહેબે રાજીનામું આપ્યું, મુંબઈ બોલાવ્યા, સાબરમતીની મીટીંગમાં દીવાન સાહેબ ટ્રસ્ટી નથી, તેમનું વરવુ ચિત્રણ થયું. તેજ વ્યક્તિને માન આપી જન્માષ્ટમીએ સ્ટેજ ઉપર આદર આપ્યો, રાજકીય માણસોને મહત્ત્વ અપાયું, આતંકવાદના બહાના નીચે તમારું અને અમારું શુધ્ધા કેન્દ્ર ભાવનિર્ઝર મંદિર બંધ કરવામાં આવ્યું, અને છેલ્લો વિસનગરની કાર્યકર્તાઓની મીટીંગમાં સ્વાધ્યાયીઓએ એક માણસ જોડે બીજા સ્વાધ્યાયી માણસે કેવું વર્તન કરવું, સ્વાધ્યાયને વિશ્વમાં અને પાંચ પેઢી સુધી આગળ લઈ જવાની રીત શીખવાડી. આ બધુ શા માટે ? અમારો તમને પ્રશ્ન છે પૂ. દાદા વૈશ્વિક મહા પૂરુષ છે તેવું જો તમે માનતા હોય તો, તેમની જ હાજરીમાં પાંચ પચીસ માણસો માટે આતંક ફેલાવવાની જરૂર શા માટે ? વિશ્વના તમામ મંદિરોમાં ભ્રષ્ટાચાર ચાલે છે તેવું બોલનાર આપણે ભાવનિર્ઝર મંદિરમાં ભગવાન નથી કે તે સ્વાધ્યાયી કે સામાન્ય લોકો માટે મંદિર નથી તેવુ કોર્ટમાં એફીડેવીટ કરવાની જરૂર શી ? દેવકી અને વાસુદેવને જેલમાં પૂરનારને કંસ કહીએ છીએ, તો યોગેશ્વર ભગવાનની તે ફક્ત પથ્થરની મૂર્તિ છે અને કાચની પેટીમાં રાખી છે અને તેની કોઈ પૂજા થતી નથી તેવું લેખિત નિવેદન આપનારને આપણએ શું કહેશું ?

**પૂ. દાદાને અને કાર્યને વિશ્વમાં લઈ જવા ભારતના અને દુનિયાના બૌધિકો જોડે ભાવફેરી કરી ગુજરાતના પ્રયોગો દેખાડ્યા છે. આપણી શિસ્ત અને કાર્યપધ્ધતિથી જ વિશ્વ બદલી શકાશે તેવો વિશ્વાસ જગડ્યો, તે લોકે પાસે હવે તમે ભાવફેરી કરવા સક્ષમ છો ખરા ?**

દિલ્હીમાં ધીરૂભાઈ શેઠ, અમદાવાદના નારાયણ શેઠ, આઈઆઈએમના અનિલ ગુપ્તા કે જેમણે પૂ. દાદા અને દીદીને વિશ્વના તક્તા ઉપર એક બિનસ્વાધ્યાયી તરીકે લઈ જવામાં ભાગ ભજવ્યો, દિલ્હીમાં કાર્યગોષ્ઠીઓ કરી, અમદાવાદ આતે ઓછામાં ઓછા ૫૦૦ પત્રકારો, વૈજ્ઞાનિકો, સાહિત્યકારો, તંત્રીઓને વારાફરતી બોલાવી પ્રયોગો દેખાડ્યા. તે કામ

હવે આપણાથી થઈ શકે તેવી સ્થિતિમાં આપણી જાતને રાખી શક્યા છેએ ? જો હા હોય તો તે ફરીથી ચાલુ કરવું જોઈએ, અને જો ના હોય તો વિચારવાનો સમય છે કે આપણે શું ભુલો કરી ? સ્વાધ્યાય દ્વારા દાનવમાંથી માણસ બન્યાના પૂ. દાદાના સાનિધ્યના ઘણા દાખલા છે જ્યારે હાલમાં કહેવાના સ્વાધ્યાયીઓ જે વર્તન કરે છે તે એક રાક્ષસને પણ શરમાવે એવું છે. ધર્માંધ લોકો મસ્જિદ તોડે તો ખોટું છે કારણ કે તે ઘણાનું શ્રધ્ધા કેન્દ્ર છે, ધર્માંદ લોકો મંદિર તોડે તો તેને આપણે આતંકવાદી કહી જાહેરમાં વિરોધ કરી ગાળો ભાંડીએ છીએ જ્યારે અહીં આપણું શ્રધ્ધાનું કેન્દ્ર ભાવનિર્ઝર બંધ કર્યું અને અમે ફક્ત તેમાં ભગવાનના દર્શન કરવા માંગીએ છીએ તો આમ સ્વાધ્યાયીઓ અમોને ક્યા શબ્દોથી નવાજો છો તે અમે જાણતા નથી. અમારો એક જે પ્રશ્ન છે કે આ મંદિરમાં તમારા ભગવાન નહિ હોય પણ અમારા છે જ ગુલામોને પોતાની પસંદગી નથી હોતી તેમણે તો ફક્ત માલિકના હુકમનો અમલ જ કરવાનો હોય છે, ''દીદીએ કહ્યું છે કે, "Beggars have no choice". વર્તમાન કહેવાતા સ્વાધ્યાયીઓ કેમ મૌન બની જોઈ રહ્યા છે ? અમને પણ સવાલ થાય છે કે શું કરવામાં આવે તો આપણા 'શ્રધ્ધા કેન્દ્ર' ભાવનિર્ઝર મંદિરના દ્વાર ખોલાવી શકાય ? રચનાત્મક કામ કરવાવાળા બુધ્ધિશાળી કાર્યકરોનો સમૂહ એટલે કૃતિશીલ સ્વાધ્યાયી એવું પૂ. દાદા કહે છે. જ્યારે ડિસ્ટ્રિક્ટીવ કામ કરવા માટે બીજાની સૂચના મુખ્ય કામગીરી કરે તેને માણસ કહેવો કે કેમ ? તે પૂ. દાદાના પ્રવચનોમાં સાંભળ્યુ નથી.

– ડિવાઈન ક્લબ

---

## ઈશ્વરને મેં રડતા જોયા !

ભારત ભાગ્ય વિધાતા યુવકો ભયથી સઘળે ભમતા જોયા,
ભવ્ય ભૂલી ભારતનું ગૌરવ અહીંથી અટવાતા જોયા;
જ્ઞાન દીપક બુઝાઈ ગયા ને અંધારે અથડાતા જોયા,
સારાસાર વિવેક ભૂલીને ખોટા મદમાં ફરતા જોયા;
ભર યૌવનમાં ખોઈ જુવાની ઘડપણમાં પલટાતા જોયા,
ત્યારે, સત્ય હકીકત કહું છું, ઈશ્વરને મેં રડતા જોયા !
આશામય યૌવનનાં પુષ્પો, અણધાર્યા મૂરઝાતાં જોયાં,
નિષ્ઠા કેરું નામ મળે ના, ઘડી ઘડીમાં ચળતા જોયા;
બળની તો શું વાત કરું હું ? હાડપિંજર મેં જીવતાં જોયાં,
ઉપનિષદ્‌ના આદર્શોની સૌને હાંસી કરતા જોયા;
સિંહસુતને બકરા રૂપે જ્યારે બેં બેં કરતા જોયા,
ત્યારે, સત્ય હકીકત કહું છું, ઈશ્વરને મેં રડતા જોયા !
તેજ નથી, નસ્તેજ બનેલા માનવ કેરાં મડદાં જોયા,
તપ ના કરવું, નથી સાધના, સિદ્ધિ માટે મરતા જોયા;
તત્પરતા ના દિસે જીવનમાં, કાર્યરહીત બેઠેલા જોયા,
પ્રાણ અને ચૈતન્ય નથી, તો યે સ્વાર્થના શ્વાસો ભરતા જોયા;
'મરતો ના તેથી જીવું છું,' એમ કહેતા માનવ જોયા,
ત્યારે, સત્ય હકીકત કહું છું, ઈશ્વરને મેં રડતા જોયા !

સૌજન્ય : સદ્‌વિચાર દર્શન ટ્રસ્ટ 'મુંબઈ' - સને - ૧૯૭૬, સં.૨૦૩૨ ''પ્રેમપ્રવાહ''

ભાવનિર્ઝરમાં આવેલ શ્રી યોગેશ્વરનું મંદિર ખોલાવવા માટે કરેલા દાવાના સંદર્ભમાં..... (નંબર ૫૬૭-૨૦૦૨)

# "દાદાએ પત્થરમાં ભગવાન બતાવ્યા, જ્યારે દીદીએ ભગવાનને પત્થર કહી કેદ કર્યા !"

(૧) ભાવનિર્ઝરમાં આવેલ શ્રી યોગેશ્વર ભગવાનનું મંદિર, મંદિર છે કે કેમ ?

હા ☐ ના ☐

(૨) આ યોગેશ્વર ભગવાનનું મંદિર કાચનું શો-કેસ છે ?

હા ☐ ના ☐

(૩) આ મંદિર જાહેર દર્શનાર્થીઓ માટે ખુલ્લુ રહેતું હતું ?

હા ☐ ના ☐

(૪) આ મંદિરની પ્રાણ-પ્રતિષ્ઠા પૂ. દાદાના હસ્તે થયેલી હતી ?

હા ☐ ના ☐

(૫) આ મંદિરમાં દર વર્ષે પાટોત્સવ કે જનમાષ્ટમીનો ઉત્સવ ઉજવાય છે ?

હા ☐ ના ☐

(૬) માગશર માસ અને શ્રાવણ માસમાં સ્વાધ્યાયી ભાઈ-બહેનો દ્વારા પૂજા થતી હતી ?

હા ☐ ના ☐

(૭) દર રવિવારે પૂ. દાદાના પ્રવચન બાદ આરતી ગવાય છે ?

હા ☐ ના ☐

ઉપરોક્ત સવાલોનો તમારો પ્રતિભાવ નીચેના સરનામે મોકલવા વિનંતી.

**અન્યાય કરવો એ પાપ છે, જ્યારે અન્યાય સહન કરવો એ મહાપાપ છે. - ગાંધીજી**

---

સરનામું : જી/૩, હેમકુટ કોમ્પ્લેક્ષ, કેપીટલ કોમર્શિયલ સેન્ટરની સામે,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

---

પ્રકાશક : ડિવાઈન કલબ, અમદાવાદ    પ્રિન્ટર્સ : મોડર્ન પ્રિન્ટોગ્રાફિક્સ    નકલ : ૫૦૦૦

# અશુભ

## ચિત્તને ચિંતનના વસ્ત્રો પહેરાવી વાંચવું



**ભાવનિર્ઝર મંદિરનું મૃત્યુ ???**